ॐ ह्रीँ अर्हं नमोनमः

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૧૨

**પ્રેરક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ**

**સંપાદક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.**

આવૃત્તિ ત્રીજી ❖ તા. ૧૫-૧-૨૦૧૬ ❖ નકલ : ૩૦૦૦
પૂર્વેની નકલ તા. ૧૬-૪-૨૦૧૩ થી ૧૭,૦૦૦

કિંમત ₹ ૨-૦૦

**પ્રાપ્તિસ્થાનો**

**અમદાવાદ :**

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૩ છુટા, દરેકના માત્ર ₹ ૨

જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग १ से ६ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તુ પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૦૬,૦૦૦ નકલ છપાઈ**

## નવા પુસ્તકમાં લાભની સ્કીમો :

**આ પુસ્તકો ખલાસ થતાં દર ૧-૨ વર્ષે નવા છપાય છે તેથી પુસ્તક પ્રકાશનના કાર્યમાં દાતાઓએ લાભ લેવા માટે મીતેશભાઈનો સંપર્ક મો. નં. ૦૯૪૨૭૬૧૩૪૭૨ અમદાવાદ કરવા વિનંતી.**

**૧. નકલ ત્રણ હજારમાં ફોર કલરમાં ફોટો-મેટર છપાવવા : ટાઈટલ પેજ ૪ ઉપર આખુ પાનું ₹ ૬,૦૦૦, અડધું પાનું ₹ ૩,૦૦૦.**

**૨. 'પુસ્તક સહાયક ભક્તિ'માં નામ એક લીટીમાં છાપવા : ₹ ૧,૦૦૦**

## BE GENTLE, BE GREAT

કલિકાલમાં ચોતરફ ભોગવાદ, વિલાસવાદ વધી રહ્યો છે. દુર્જનતા દુનિયામાં સુલભ છે, સજ્જનતા દુર્લભ છે. **''આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા''** આ સૂત્ર મોટા ભાગના મનુષ્યોનો જીવનમંત્ર બની ચૂક્યું છે. તેવા કાળમાં પણ સત્ત્વશાળી જીવો પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન રૂપી F.D. એકઠી કરી પરલોકથી પરમ લોકના સૌંદર્ય માટેના પ્રયત્નો કરી રહ્યા છે. ચાલો, એવા ઉત્તમ જીવોના ગુણોની અનુમોદના કરીએ એ જ શુભ અભ્યર્થના. અનેક ગુરુ ભગવંતો તથા આરાધકોએ પ્રસંગ મને આપ્યા છે, જણાવ્યા છે, તેઓનો પણ ઋણી છું. અંતે પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્

**- પં. ભદ્રેશ્વરવિજયના શિષ્ય મુનિ યોગીરત્નવિજય**

**મમતા એટલે દુ:ખોને આમંત્રણ, સમતા એટલે સુખોને નિમંત્રણ**

## ૧. અહો ! આ કેવી વંદનીય ઉદારતા!!

શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ. ના સાન્નિધ્યમાં તેઓશ્રીના સંસારી સુપુત્ર કુમારપાળભાઈ દ્વારા કરાવવામાં આવેલ ચાતુર્માસિક આરાધનામાં દાખવવામાં આવેલી ઉદારતા વર્ણનાતીત હતી. (૧) ચાતુર્માસ પ્રવેશમાં ૩૦૦૦ ભાવિકોને ચાંદીની ગીની પ્રભાવનામાં અપાઈ (૨) ચોમાસામાં થયેલ ૩૦ હજાર આયંબિલના આરાધકોને ૩૦ હજાર ચાંદીની ગીનીની પ્રભાવના (૩) અટ્ઠાઈવાળાને ૧ગ્રામ સોનાની ગીની (૪) સિદ્ધિતપવાળાને રૂા. ૧૧ હજાર (૫) માસક્ષમણવાળાને ૫ ગ્રામ સોનાની તથા ચાંદીની ગીની (૬) ૧૫૧ ઉપવાસ કરવાવાળા નૈરોબીના તપસ્વીને ૧૦ તોલા સોનું, ૪ કિ.ગ્રા. ચાંદીનું સન્માન પત્ર (૭) ચોમાસામાં એક રૂા.ની કોઈ ટીપ નહીં (૮) પર્યુષણ કરવા આવેલ એક હજાર ભાવિકોને ૫ ગ્રામ ચાંદીની ગીની (૯) પર્યુષણમાં ૯ દિવસની આંગી માટે ૪૦ લાખ ખર્ચ્યા (૧૦) પૂ.પં.ચંદ્રશેખરવિજયજી મ.ના ગુણાનુવાદમાં ૩ હજાર માણસને ૧ ગ્રામ ચાંદીની ગીનીની પ્રભાવના (૧૧) પાંત્રીશું, અઠયાવીશું, અને અઢારીયું કરાવીને આરાધકોને અનુક્રમે ૩૫, ૨૮, ૧૮ હજારથી બહુમાન કર્યું.

## ૨. ગર્ભપાત તો નહી જ

એ પરિવારમાં એક દીકરી પછી દીકરાનો જન્મ થયો. પરિવારમાં આનંદ છવાયો. ચાર વર્ષ બાદ ફરી પેટમાં સંતાનનો વાસ થયો. 'અમે બે અને અમારા બે' એ સૂત્રનો એ કાળ હતો.

**ઉંમરલાયક થયા પછી તો સ્વભાવથી લાયક બનો.**

અનેક કુટુંબોમાં એ સૂત્રની ભૂતાવળ લાગુ પડી ચૂકેલ હતી. ઘણાં કહેવાતા સુધારકોએ ( ?) સલાહ આપી કે હવે ત્રીજા સંતાનને જન્મ તો ન જ અપાય. **શ્રાવિકાએ બધાની વાતો સાંભળી પરંતુ માતૃત્વ ધર્મ તથા જૈનધર્મ પણ તેને મનાઈ કરતું હતું.** કેટલીક માથાકૂટોના અંતે શ્રાવિકા મક્કમ રહેતા ત્રીજા સંતાન તરીકે દીકરાનો જન્મ થયો. ત્રણે સંતાનોના ભણતર બાદ પ્રથમ દીકરીઅને દીકરાના લગ્ન થયા.

પરંતુ ત્રીજા સંતાનરૂપી દીકરાએ કોલેજનો ઉચ્ચત્તર અભ્યાસ પૂર્ણ કર્યો, ખૂબ સારા માર્કે પાસ થયા. કોલેજ દરમ્યાન જ ધર્મનો જોરદાર રંગ લાગતા ગુરૂ ભગવંતનો સત્સંગ પામતા દીક્ષાના ભાવ જાગ્યા. ભર યુવાન વયે દીક્ષા લઈ આત્મ કલ્યાણ કર્યું, કુળનુ નામ જિનશાસનના ગગનમાં ઉજવાળ્યું.
જો માતાએ કદાચ કહેવાતા સુધારકવાદીઓની વાત માની હોત અને ગર્ભપાત કરાવ્યો હોત તો... ?

## ૩. અજૈન બન્યા જૈન

ધર્મનગરી ખંભાત તથા વટામણ ચોકડીથી ૧૮ કિ.મી.ના અંતરે આવેલું નાનકડું ગામ રોહિણી. પટેલ, દરબાર, રાજપૂત વગેરે મળી કુલ્લે ૩૦૦૦ ની વસ્તી ધરાવતું ગામ.

આજથી ચાર વર્ષ પૂર્વે જેઠ મહિનાના ધોમધખતા તાપમાં પૂ.આ.ભ.શ્રી નરરત્નસૂરિજી મ.સા.ની પધરામણી થઈ. ત્યારે કયાં ખબર હતી કે આ પધરામણી ગામ માટે કાંઈક શુભ સંકેતના એંધાણ રૂપ હશે !

**રોબોટ + હૃદય = માનવી**

સાંજના વિહાર વખતે પૂજયશ્રીએ જાણે કો'ક સંકેતનો શંખ વગાડતા હોય તેમ ગામમાં જિનાલય નિર્માણ કરવાની પ્રેરણા કરી. ગ્રામજનોએ તેને સહર્ષ ઝીલી લેતાં ફાગણ સુદ ૨, તા. ૯-૩-૨૦૦૮, બુધવારના રોજ શાન્તિદાયક શ્રી શાંતિનાથ પરમાત્માની પ્રતિષ્ઠા થવા પામી.

પ્રતિષ્ઠા અવસરે ગામની પ્રત્યેક વ્યક્તિ હર્ષના હિલોળે ચઢી હતી. ગામવાસીઓ એક બીજાને મોં મીઠું કરાવતા હતા. ને નાચગાન કરતા હતા. એક પણ જૈન ઘર વિનાના સૌભાગ્યશાળી એવા આ ગામમાં ઘણાં જૈનેતરો રોજ સેવા-પૂજા ભક્તિ કરે છે. કુલ ૧૪૩ બાળકો પૂજા કરે છે.

'શ્રી સિદ્ધિ ભદ્રંકર મહિલા મંડળ' ની સ્થાપના બાદ ગામની ૪૮ જૈનેતર બહેનો રોજ સામાયિક અને સંધ્યા ભક્તિ કરે છે. તો ગામના યુવાનોએ 'શ્રી નવકાર યુવક મંડળ'ની સ્થાપના કરેલ છે.

આ માર્ગ ઉપર વર્ષના આઠ મહિના દરમ્યાન ૭૦૦ થી ૮૦૦ પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતોનો વિહાર થાય છે,
સમસ્ત ગામજનો ખૂબ જ સુંદર રીતે વૈયાવચ્ચનો લાભ લઈ રહ્યા છે. જિનાલયની બાજુમાં જ સુંદર નૂતન ઉપાશ્રયનું નિર્માણ થયેલ છે. જયાં ગ્રામજનો ખૂબ જ ભક્તિભાવપૂર્વક ધર્મ આરાધના કરે છે.

આ વખતે પાંચમા વર્ષે પણ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ દરમ્યાન પ્રભુ મહાવીરના જન્મકલ્યાણક દિને સ્વપ્નના ચઢાવા બોલાવાયેલ પર્યુષણમાં અનેકે રોજ એકાસણા, અનેકે બિયાસણા કર્યા. કોઈકે ૩૦ ઉપવાસ, પ્રતિક્રમણમાં ૭૦ થી ૮૦ ભાવુકો તથા

સંવત્સરી મહાપર્વના દિવસે ૨૮ એકાસણાં, ૧૮ બેસણાં, ૪૧ ઉપવાસ અને ૯૪ ભાવુકોએ પ્રતિક્રમણ કરેલ. ગામનાં બાળકો પ્રતિક્રમણ દરમ્યાન સૂત્રો બોલે છે. ગામની સંગીતા નામની એક બાલિકા પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર સુધી ભણેલ છે. ગત વર્ષ સુધી સતત ચાર ચાતુર્માસ પૂજય સાધ્વીજી ભગવંતોનાં અત્રે થયા છે.

ધન્ય છે આ ગ્રામજનોને ! કે જેઓ જૈનોને ય શરમાવે એવી પ્રભુભક્તિ કરી રહ્યા છે. સાથે શ્રી શાંતિનાથ પરમાત્માની પ્રતિષ્ઠા પછી ચાર વર્ષમાં ખૂબ જ સમૃદ્ધ અને ધર્મનિષ્ઠ બન્યા છે. ત્યારે જ તો ગ્રામજનો આ પરમાત્માને સંકટહરણ, દુઃખભંજન, શાંતિદાયકના નામે સંબોધન કરે છે.

## ૪. એક ભવમાં બે ભવ ન થાય

કાશ્મીર ગયેલા એ યુવાનની વાત. સગાઈ થયા પછી આ યુવાન, પોતાના સાસરે કાશ્મીર ગયેલો.... પણ.... વહેલો પહોંચ્યો એટલે ઉપાશ્રયમાં ગુરુનિશ્રાએ પ્રતિક્રમણ - સામાયિક કરવા બેઠો, કાંબલ ઓઢેલી છે.

શ્રાવક શ્રાવિકાઓ ઉપાશ્રયમાં વંદન કરવા આવ-જા કરે છે. એમા એક યુવતીએ... આ યુવકને વંદન કર્યા... યુવકે અચાનક, નજર ઉંચી કરીને કહ્યુ. ''હું સામાયિકમાં છું, સાધુ નથી.'' યુવકે યુવતીને જોઈ... ને... યુવતીએ યુવકને જોયો, છેલ્લે ખબર પડી. જેની જોડે સગાઈ થઈ છે એ જ આ છે.
યુવતી કહે...**''મેં તમને ગુરુ માનીને વંદન કર્યા.**

**સાધર્મિક સીદાય કે રીબાય તો જૈનમાંથી જૈનત્વની વિદાય!!**

**હવે... તમારી જોડે લગ્ન ન થાય. ને...એક ભવમાં બે ભવ પણ ન થાય.''** યુવતીએ દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

## ૫. 'મા' ની સાચી સેવા

અનેક જાજરમાન સંઘોથી ધમધમતા મુંબઈનું એક પરું કાંદિવલી. તેમાં એક અત્યંત ધાર્મિક કુટુંબ છે. તેમાં મુખ્યત્વે મા,દીકરો, વહુ, પૌત્રી, પૌત્ર વિગેરે બધાની ધર્મભાવના એકંદરે સારી. દીકરાના ઘરે દીકરા છતાં પોતાની મા પ્રત્યે એવો જ ઉછળતો ભાવ. માને ખૂબ સાચવે, ખૂબ સેવા કરે. પોતે શ્રીમંત સમાજમાં આગળ પડતું અસ્તિત્વ ધરાવે, સંઘમાં પણ ખૂબ માન્ય વ્યક્તિ હોવા છતાં માનો પરમ ભક્ત.

આટલી મોટી ઉંમર થવા છતાં માનો વિનય હજુ સુધી ચૂક્યો નથી. રોજ ઉઠીને માને હજી પણ પગે લાગે છે.
કર્મની બલિહારી માને અસાધ્ય-વ્યાધિ લાગુ પડ્યો. અનેક ડોકટરો, વૈદ્ય, હોસ્પિટલો, ટેસ્ટો, દવાઓ, પરેજીઓના ચક્કર ચાલ્યા. મા માટે પૈસાને પાણીની જેમ ખર્ચ્યા. નિદાનમાં અસાધ્ય કેન્સર આવ્યું.

દીકરો ધર્મને પામેલો હતો. તેને થયું કે ડૉકટરના કહેવા મુજબ મા ૬ મહિનાથી વધુ જીવવાની નથી અને દીકરો વિચારવા લાગ્યો. જે માએ મને નાનાથી મોટો કર્યો, ભણાવ્યો, ગણાવ્યો, સમાજમાં સંઘમાં ઉંચુ સ્થાન અપાવ્યું. આ રીતે બહુ મોટો લૌકિક દૃષ્ટિએ ઉપકાર કર્યો. તદ્ઉપરાંત લૌકિકથી અનેક રીતે ચઢી જાય એવો લોકોત્તર ઉપકાર કર્યો કે નાનપણથી જૈન ધર્મના સંસ્કારો

આપ્યા. સુદેવ-સુગુરુ પાસે પરાણે પણ લઈ ગઈ. ન ગમવા છતાં નાનપણથી ધર્મ - ક્રિયાઓમાં જોડ્યો. ઈનામ-લાલચો અને દબાણપૂર્વક મને પંચપ્રતિક્રમણ, નવસ્મરણ સુધીના સૂત્રો ગોખાવ્યા. જીવવિચાર વિગેરેના ઘરે ટ્યુશન ગોઠવી અર્થો કરાવ્યા. જીવનમાં આવતા દુઃખોને પચાવી દેનાર જૈનધર્મનું તત્ત્વજ્ઞાન, કર્મવિજ્ઞાન, રોજ રાત્રે નાના હતા ત્યારે વાર્તાઓ, યુક્તિઓ દ્વારા હૃદય સોંસરવું ઉતાર્યું. માના આ અનંતા ઉપકારોને વાળવાનો બહુ મોટો અવસર મળ્યો છે. મારે માત્ર મા ની શારીરિક સેવાથી અટકવું નથી પણ તેના આત્માનું કલ્યાણ થાય, અંત સમયે સમાધિ મળે, પરભવ સારો મળે એની પણ વિશેષથી કાળજી કરવી છે. અને જો હું સમાધિ આપવામાં નિમિત્ત બનીશ તો જ મા ના ઋણમાંથી કંઈક અંશે મુક્ત થઈશ. તરત જ આખા પરિવાર ને ભેગો કર્યો. માની શારીરિક તેમજ આત્મિક કાળજીના મહત્વના નિર્ણયો કર્યા અને ઉપકારી ગુરુભગવંતોના માર્ગદર્શન હેઠળ ગૃહ જિનાલય માટે નવો પ્લોટ ખરીદવાનો હતો. તે ખરીદી તેમાં માત્ર ૧ જ માસમાં સારા મુહૂર્તે ઉપકારી માના હાથે બેનમૂન ગૃહજિનાલયની પ્રતિષ્ઠા કરાવી. ભગવાન સતત દેખાયા કરે એ રીતે માની પથારી રાખી. આખી રૂમમાં સતત પ્રભુ જ દેખાયા કરે એ રીતે ફોટાઓ લગાડયાં.

દરરોજ સાંજે પોતાના મધુર કંઠે સમાધિમય ગીતો સંભળાવે. વિશિષ્ટ દિવસે મંડળો બોલાવી ઉપકારી માની પથારી પાસે ભાવનાઓ ગોઠવે. નજીકના ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીજી ભગવંત આવે તો આગ્રહપૂર્વક વિનંતી કરીને ઘરે લઈ જ આવે. માના હાથે વહોરાવડાવે અને સાધુ-સાધ્વીજી ભગવંતને બાજુમાં બેસાડી

પ્રેરણાદાયી વાતો કરાવડાવે.દિવસમાં વારંવાર નમસ્કાર મહામંત્રો, ધૂનો, સુંદર ગીતોની કેસેટો સંભળાવ્યા કરે. અવસરે અવસરે ઉપકારી મા ના નામે તેની પાસે અનુમોદના કરાવીને દાનાદિના સુકૃતો કર્યા જ કરે.

આ બધી આત્મિક આરાધનાઓ સાથે સંડાસ-બાથરૂમથી માંડીને તમામે તમામ સેવા કોઈ નોકર પાસે નહિ પણ જાતે જ દીકરા અને વહુએ ઉલ્લાસપૂર્વક કરી છે.

૬ મહિના સુધી દીકરાએ ઓફિસ-ધંધાને તદ્દન ગૌણ બનાવી દીધો હતો.

આમ, બાહ્ય અને અભ્યંતર બંને સેવા દ્વારા ખૂબ સમાધિભાવ દીકરાએ આપી માના ઋણ માંથી કઈંક અંશે મુક્ત થયાનો અહેસાસ આ દીકરાએ માણ્યો હતો.

ધન્ય છે આ માતૃભક્ત સુપુત્રને !

ધન્ય છે એની સાચી સમાધિદાયક સેવાને ! શું આપણે પણ આમાંથી પ્રેરણા લઈશું ?

## ૬. ધન પત્ની નહિ, ધર્મ પત્ની

ઈતિહાસમાં નોંધાયેલી નહીં, પણ આપણી આસપાસ બનેલી આ સત્ય ઘટના છે.

લગ્ન પહેલા બન્ને જણ મળ્યા, થોડીક ઔપચારિક વાતો થયા પછી યુવાને યુવતીને પૂછ્યું, " તું મને પસંદ છે પણ... મારી એક શરત જો તું મંજૂર રાખતી હોય તો જ આપણાં લગ્ન શક્ય બને." યુવતીએપૂછ્યું : "તમારી શરત શું ?"

**મોતનું કાયમ માટેમોત એટલે જમોક્ષ.**

યુવાન કહે કે, ''મારા પપ્પાને બે વાર હાર્ટ એટેક આવી ગયા છે એટલે મારી પથારી રોજ રાતના પપ્પાની બાજુમાં થશે. કેમકે... ન જાણે રાતના અચાનક પપ્પાને એટેકનો હુમલો આવે ને તે વખતે હું પાસે સુતો હોઉં તો પપ્પાને તરત હોસ્પિટલાઈઝ કરી શકું ને છેલ્લે એમને નવકાર તો સંભળાવી શકું ને ! બોલ ! આ શરત જો તું માન્ય કરતી હોય તો મારે તારી જોડે જ લગ્ન કરવા છે.'' એ વખતે... આ જ આબોહવામાં ઉછરેલી એ યુવતી જે બોલી, તે સાંભળતા પેલો યુવક ગદ્ ગદ્ બની રડી પડયો. જો તમારા હાથમાં રૂમાલ હોય ને હૃદયમાં જો ભાવુકતા હોય તો આ વાંચતા તમારે ય આંસુ લુછવાં જ પડશે. એ યુવતી બોલી '' આ શરત ન કહેવાય, સમર્પણ કહેવાય. પિતૃસમર્પણ કહેવાય. કર્તવ્યના પાલનમાં હું તમને પૂરેપૂરો સાથ આપીશ.'' યુવકે યુવતીનો હાથ ભાવુક બની પકડી લીધો ને એનું હૃદય બોલ્યું, '' મારું પુણ્ય છે કે તારા જેવી જીવનસંગિની મળશે.''

થોડાક વખતમાં ધામધૂમથી લગ્ન થઈ ગયા. સાંજ ઢળી, રાત ચઢી, યુવાને પત્નીને કહ્યું, ''આપણી વાત યાદ છે ને ?'' નવોઢા પત્ની કહે કે, ''તમારી પથારી પથરાઈ ગઈ છે.'' યુવકે જોયું તો પપ્પાની બાજુમાં જ પથારી પાથરેલી હતીપરંતુ કુલ ત્રણ પથારી હતી. એક પપ્પાની, એક મારી, ત્રીજી કોની ? એ યુવાને પૂછયું...'' બાજુ માં બીજી પથારી કેમ ?'' નવોઢા બોલી, '' કેમ ! એક બાજુ તમે સુવો તો પપ્પાની બીજી બાજુ હું સુઈશ! યુવાને આશ્ચર્ય સાથે પૂછયું ''તું ? '' નવોઢા બોલી,''હા, હું ય સૂઈશ. કોકવાર તમારી ઉંઘ ન ઉડે ને પપ્પાને તકલીફ થાય તો શું ? આપણે

વારાફરતી જાગીશું. **મારા ય પપ્પા જ છે ને !** યુવાનની આંખો બંધ થઈ ગઈ ને બંધ આંખેથી પ્રભુના પાડના, કૃપાના, દયાના, આભારના બે અશ્રુ ઝર્યા, આવી પત્ની મળવા બદલ...!!

લગ્નની પ્રથમ રાત્રિ થી જ પિતાની અડખે પડખે સૂનારા આ યુવાન પતિ-પત્નિની રોજ એકવાર અનુમોદના કરજો. ને એમના બ્રહ્મચર્ય પાલનને, એમના સત્વને અને પિતૃ ભક્તિને રોજ વંદના કરજો અને આવી પિતૃભક્તિ અને બ્રહ્મચર્યની શક્તિની પ્રભુ પાસે યાચના કરજો...!!

## ૭. નમસ્કાર મહામંત્રનો પ્રભાવ

વિ. સં. ૨૦૬૮ની સાલ. વિશાળ સાધુ સમુદાયના ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા. નું ચાતુર્માસ અવસ્થાન સુરતમાં હતું. એઓશ્રીના આજ્ઞાનુવર્તી સાધુઓનું સુરતમાં સાત અલગ અલગ સ્થાનમાં ચાતુર્માસ. પૂજયશ્રી તપધર્મના ખૂબ જ પ્રેમવાળા. એમણે આ ચાતુર્માસમાં માસક્ષમણ (મૃત્યુંજય) તપની જબ્બર પ્રેરણા કરી. સમસ્ત સુરત શહેર ના ભાવિકોએ આ પ્રેરણા ભકિતભાવથી અને શ્રદ્ધાથી ઝીલી અને સમસ્ત સુરતમાં ૮૦૧ થી પણ વધુ માસક્ષમણની જબ્બર નિર્જરા કરાવનારી તપસ્યા થઈ. તપસ્વીઓની શોભાયાત્રા વગેરે અદ્ભુત શાસનપ્રભાવના થઈ. તપસ્વીઓને પારણાં કરાવવાનું ભવ્ય આયોજન નક્કી થયું. પારણાંનો લાભ લેવાનું સૌભાગ્ય કોનું ? તે માટે બોલી બોલવાનું શરૂ થયું. પોતાના પિતાજી પારસમલજી જૈને ૬૯ વર્ષની જૈફ વયે માસક્ષમણ કર્યું એની ખુશાલીમાં આ તપની

**eagerness is good, but angerness is bed.**

ભવ્ય ઉજવણી કરવાની ભાવના સુપુત્ર હેમંતભાઈ (સી.એ.)ના મનમાં હતી જ. બોલી ઉપરને ઉપર વધતી ચાલી, પોતાની શક્તિ બહાર આંકડો આગળને આગળ વધી રહ્યો હતો. એક મોટા આંકડા ઉપર બોલી અટકી, પોતાની એવી શક્તિ હતી જ નહિ, છતાં આવો અપૂર્વ બેનમૂન પ્રસંગનો લાભ લેવા મન અત્યંત લાલાયિત હતું. એમણે નમસ્કાર મહામંત્રનો નવ વખત જાપ કર્યો. મનોમન પરમ તારક અરિહંતદેવને પ્રાર્થના કરી કે **“ હે પ્રભુ ! આટલી મોટી રકમનું સુકૃત કરવાની મારી શક્તિ નથી, મને લાભ લેવાના અત્યંત મનોરથ છે.** હે નાથ ! અગર આપને આગળ આમાં મારું ભાવિસારું દેખાતું હોય તો હું આગળની બોલી બોલું, મને આપ આ અમૂલ્ય લાભ અપાવજો.'' પ્રાર્થના બાદ એમણે હાઈજમ્પ કરી આગળનો આંકડો રૂા. ૩૨ લાખ બોલી દીધો. બોલી એમને મળી ગઇ. એમનો આનંદ આસમાને પહોંચ્યો. ઘરે જઈ માતાજીને પ્રણામ કર્યા. શ્રાવિકા માતાજીએ હૃદયના આશીર્વાદ આપ્યા, ''બેટા તે શાલિભદ્રના જીવ સંગમ ભરવાડ જેવું સુંદર સુકૃત કર્યું છે.''

**ચમત્કાર હવે સર્જાય છે.!** પોતાની કંપની જે ત્રણ ત્રણ વર્ષથી નુકસાનીમાં ચાલતી હતી તેનું ફાયદા હી ફાયદામાં યુ ટર્ન થયું. બહુ જ થોડા સમયમાં પેઢી તરબતર બની ગઈ. નુકસાનીનો ઉંધો ગ્રાફ આવકમાં ઉંચો થતો ચાલ્યો. બોલીના પૈસાથી અત્યંત અધિક મળી ગયું. અધિકાધિક સુકૃત કરવાની મનોભાવના સફળ કરવાની શક્તિ મળી, તક ઝડપતા રહેવાથી ભાવના ફળતી બનતી ચાલી. આવું છે ધર્મનું મહાત્મ્ય...!

**Never be Crazy and Lazy.**

## ૮. ભવ્ય ભાવના

(૧) શેઠશ્રી દીપચંદભાઈ ગાર્ડી દરપાંચ દિવસે એક કરોડનું દાન કરે છે. ધર્મમાં દાન ઉપરાંત મોટી હોસ્પિટલો દ્વારા દર્દીઓને દર્દમાં રાહત આપે છે. કચ્છના ધરતીકંપમાં જબ્બર ધનનું સુકૃત કરેલ ૧૨૦૦ બાળકોને દત્તક લઈ એમના પાલક મા-બાપ બન્યા. અનેક આંધળા,બહેરા-મૂંગા અપંગની શાળાઓમાં નોંધપાત્ર દાનનો પ્રવાહ વહાવ્યો છે.

(૨) રાજસ્થાનના સિરોહી જિલ્લામાં આવેલા પાવાપુરીતીર્થની પાંજરાપોળમાં દર વરસે કે. પી. સંઘવી પરિવાર રૂા. સાત કરોડનું સુકૃત કરે છે.

(૩) લગભગ ઈ. સ. ૨૦૬૩ની સાલમાં સતત ૩૬ ઈંચ વરસાદના કારણે ઝુંપડપટ્ટી વગેરે કાચા મકાનોમાં રહેનારા અનેકાનેક નર-નારીઓ ખૂબ જ મુશ્કેલીમાં આવી ગયેલા. આ મુશ્કેલીના સમયે જૈનો મન મૂકીને વરસી ગયા. આફતગ્રસ્ત ઘણાં કુટુંબોને અનેકરીતે ફરી ઘર વસાવી આપી સમાધિદાનમાં પુણ્યથી પ્રાપ્ત થયેલી પોતાની લક્ષ્મીને ધન્ય બનાવી અને પુણ્યાનુબંધી પુણ્યમાં ફેરવી કાઢી. અરે ! વરસાદથી અત્યંત પલળી ગયેલાં અને મરવાની અણીએ પહોંચી ગયેલા લગભગ ૩૫૦૦ કબૂતરોને આઠ દિવસ સુધી સતત સારવાર અને ખાનપાન આદિ દ્વારા જીવતદાન અપાવ્યું. મુંબઈના દાદર અને આસપાસના પરાઓના જૈન યુવાનોની આવી નિર્વ્યાજ જીવમૈત્રીના ભાવવાળી કેવી ભવ્ય ભાવના !!

(૪) રતલામમાં એક આચાર્ય મહારાજના ચોમાસાનો પ્રવેશ અને જિનમંદિર પ્રતિષ્ઠાના શુભપ્રસંગે જૈનેતરોમાં ૪૦૦

મણ લાડુ પ્રીતિદાન રૂપે લોકોના મોઢા મીઠા કરાવ્યા. લોકોમાં જૈન ધર્મના અનુષ્ઠાન પ્રત્યે આદર પ્રગટયો અને આવા પ્રસંગો ફરી આવે તેની ઈંતેજારી થઈ. વર્તમાનમાં ઘણાં નાસ્તિકો ફરિયાદ કરતા હોયછે કે જૈનો તો માત્ર મંદિરો અને ઉપાશ્રયો બનાવવામાં જ પોતાની સંપત્તિ વેડફે છે.

નાસ્તિકોને એટલું જ કહેવું છે કે તમારી માન્યતા સંપૂર્ણ ખોટી છે. જિનાલય અને આરાધના ભવનના નિર્માણનું સુકૃત એ ખૂબ શ્રેષ્ઠ સુકૃત છે. તેની સામે હોસ્પિટલો કે કોલેજોમાં રકમ આપવી સામાન્ય લાભદાયક છે. ઉપરથી હોસ્પિટલોમાં ચાલતા ભ્રષ્ટાચારો, ગરીબોને પડતી તકલીફો અને કોલેજો દ્વારા સી.એ. એમ.બી.એ. ડૉકટરો બની સરકારના ટેક્સોમાં ગોટાળા, દર્દીઓને બિનજરૂરી ઓપરેશના દ્વારા લૂંટવા વગેરે અનેક દેશદ્રોહી, સમાજદ્રોહી, માનવતાદ્રોહી, પ્રવૃતિઓ થાય છે તેનું પાપ કોના માથે...?

હા એટલું જરૂર છે કે જૈનોએ પૂર, ભૂકંપ, પાંજરાપોળો જેવા અનેક મુશ્કેલીઓમાં અજબના દાનનો પ્રવાહ વહાવીને ખૂબ લાભ લીધો જ છે અને સતત લેતા જ રહે છે.

## ૯. આંતરચક્ષુ ખુલ્લા જ છે.

એ શ્રાવકની ઉંમર ૮૭ વર્ષની છે. એમણે પોતાના જીવનમાં **પાંચ કરોડથી અધિક સંખ્યામાં નવકાર મહામંત્રનો જાપ કરેલ છે.** દરરોજ સ્નાત્ર-જિનભકિત-જાપ માં સારો એવો સમય શુભભાવમાં પસાર કરે છે. તેઓશ્રી ઉપધાન તપમાં હતા. સમાચાર

મળ્યાકે **તમારી દુકાન** (સોનાની-હીરાની) **સંપૂર્ણ લૂંટાઈ ગઈ છે.** તમો ઉપધાનમાંથી નીકળી ઘરે આવો. એમને અઢારીયું પૂરું થયું હતું પણ ચૌદસે નીકળાય નહીં એ શાસ્ત્રીય નિયમ મુજબ એ નિકળવા તૈયાર ન થયા. સદ્ગુરુઓએ અપવાદે એમને નિકળવાની છૂટ આપી. એમના પુત્રની આંગળી દુકાનની લૂંટ વખતે ગૂંડા લોકોના હાથે કપાઈ ગઈ, ખૂબ લોહી નીકળ્યું પણ આ સુપુત્ર વિચારે કે આંગળી કપાઈ એનો અફસોસ નથી પરંતુ હવે મારે અંજનશલાકામાં પ્રભુના માતા-પિતા બનવાનું નહી ં રહે. આ વયોવૃધ્ધ શ્રાવકે પોતાની લક્ષ્મી અનેક રીતે દાનમાં વહેવડાવી છે. સાધર્મિક ભક્તિ તો એમનો અત્યંત પ્રિય વિષય ! આજની તારીખે બન્ને આંખો ગુમાવી હોવા છતાં ૮-૧૦ સંબંધીઓ પાસેથી સાંભળી સાંભળીને જીવવિચાર નવત્તત્વની ગાથા પણ ગોખે છે. અનેક સામાયિક કરે છે. એમનું નામ ખંભાત વાસી તારાચંદ અંબાલાલ શાહ (હાલ મુંબઈ) ! તેઓશ્રી વૈરાગ્ય દેશનાદક્ષ આચાર્ય શ્રી વિજય હેમચન્દ્ર સૂરીશ્વરજી મ.ના સંસારી ભાઈ છે. એમણે એમની પુત્રીને ઠાઠથી દીક્ષા અપાવેલ છે. ધન્ય.. ધન્ય..અનુમોદના વારંવાર!

## ૧૦. જય હો અહિંસા ધર્મનો

પ્રભાવતીબેન ચીનુભાઈ શાહ. ઉંમર ૮૮ વર્ષ. હાલ કાંદીવલી (વેસ્ટ) મુંબઈ રહે છે. ઈ.સ. ૨૦૦૧ની સાલમાં એ બિમાર પડયા. બિમારી ભયંકર. ડૉકટર કહે, " એક હજાર દર્દીમાંથી માત્ર એક જીવી શકે એવો આ ભયંકર જીવલેણ રોગ છે.

હું એમની ટ્રીટમેન્ટ કરૂ છું, પણ સૌથી છેલ્લા પરિણામ માટે તમો તૈયાર રહેજો...''

પ્રભાવતીબેન ખૂબ ધર્મી અને એમના પૂત્રો પણ ખૂબ વિવેકી, ધર્મમાર્ગ સમજેલા. એમણે ડૉકટરની દવા સાથે જ દરરોજ એક જીવને અભયદાન આપવાનું શરૂ કર્યું... ૪૦ દિવસ સુધી પાણીના ટીપા વગર રહેલા પ્રભાવતીબેનને પછી થી જીવોની જાણે દુઆ મળી... ૪૦ દિવસમાં એ તંદુરસ્તી તરફ જવા લાગ્યા... અને ક્રમશઃ સંપૂર્ણ તંદુરસ્ત બન્યા. આજે ૮૮ વર્ષે પણ એઓ ધર્મારાધનામાં ખૂબ દિલચસ્પી ધરાવે છે... અહિંસા પરમો ધર્મની જય હો...

## ૧૧. ધન્ય છે આવા સાધર્મિકોને

મૂળ ખેડા નિવાસી, હાલ દેવકીનંદન (અમદાવાદ)માં રહેતા નવનીતભાઈ શાહ. તેઓના પિતાશ્રી નાનપણમાં જ મૃત્યુ પામ્યા. માતા પાસે પૈસા ન હતા. તેથી લોકોના કામ કરી ગુજરાન ચલાવતા હતા. તેઓ ૧૧ ધોરણ ભણ્યા ત્યાં સુધી તો તેમના ઘરમાં લાઈટ પણ ન હતી, પગમાં ચપ્પલ પણ પહેર્યા ન હતા. કોઈકે પૈસા આપી ભણાવ્યા, પછી નોકરી મળી, પછી દવાની દુકાન કરી અજૈન કન્યા નામે ચંદ્રિકાબેન સાથે લગ્ન કર્યા. દવાની ફેકટરીમાં ભાગીદાર બન્યા. નસીબ આડેનું પાંદડુ સર્યું અને આગળ વધતાં પોતે દવાની ફેકટરી નાખી. ખેડા હાઈવે પર કાજીપુરા અને બીજી ફેકટરી ખેડામાં. કાજીપુરા ૧૯૮૫માં ફેકટરી ની જ જગ્યામાં વિહારધામ બનાવ્યું. ત્યાં માણસ રાખ્યા અને

વિહાર કરતાં સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોની ગોચરી - પાણીની વ્યવસ્થા સુંદર રીતે થાય છે.

ફેકટરીની સામેની જમીન લઈ ત્યાં વિહારધામ ૨૦૧૦ થી ચાલુ કર્યું. ૨૦૧૧ ડીસેમ્બરમાં દહેરાસરની પ્રતિષ્ઠા કરાવી, ત્યાં ઘરડાઘર પણ બનાવ્યું, હોસ્પિટલ, પાંજરાપોળ બધું થઈ રહ્યું છે. તે ઉપરાંત તેમના શ્રાવિકા ચંદ્રિકાબેન અજૈન હોવા છતાં ખૂબ પ્રેમાળ છે. સાધુ-સાધ્વી ત્યાંથી વિહાર કરીને જાય પછી આગળના ગામોમાં જો તેમને ગોચરી-પાણીની વ્યવસ્થા ન થઈ શકે તેવી હોય તો તેઓ જાતે રસોઈ કરી ટીફીનો લઈને તેમને વહોરાવવા જાય છે. તેમજ તેમને દવાઓ મોકલે છે.

વર્તમાનમાં અનેક ગામડાઓ ભાંગી જતા સાધુ-સાધ્વીને વિહારમાં મુશ્કેલી ન પડે તે માટે અનેક ભાવિકોએ સ્વદ્રવ્યથી અનેક સ્થાને વિહારધામો તૈયાર કર્યા છે. અનેક ગામોમાં જૈનના ઘરો બંધ થતા તે ગ્રામવાસી જૈનોએ રસોડા પણ ચાલુ કર્યા છે. ધન્ય હો તેમની દેવગુરુધર્મભક્તિ ને..!!!

## ૧૨. કાળી મજૂરી કરીને પણ બહેનોને સાચવનાર..

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલી દોશીની પોળમાં રહેતા લાગણીશીલ ભાઈ હેમેન્દ્રભાઈ શાહની આ વાત છે.. હેમેન્દ્રભાઈના મા-બાપ મૃત્યુ પામ્યા છે. ભાઇઓ કુટુંબીજનો અલગ રહે છે. ૨૦૦૦ રૂા. ના ટુંકા પગારમાં ઘર ચલાવે છે. પત્ની સાથે છૂટાછેડા લેવા પડ્યા છે તેમ છતાં ત્રણ પાગલ બહેનોની સેવા ચાકરી કરીને સાચા અર્થમાં રક્ષાબંધન ઉજવી રહ્યા છે. હેમેન્દ્રભાઈની ત્રણ બહેનો ભાનુમતી

(૬૦ વર્ષ) નીરૂબેન (૪૫ વર્ષ) અલકાબેન (૩૫ વર્ષ)ને કુદરતે ખામીવાળી સર્જી છે. હેમેન્દ્રભાઈના શબ્દોમાં જ તેમની વાત સાંભળીએ: ''મારી લાગણીઓ અને પ્રેમની ભાષા તે સમજી શકતા નથી. પરંતુ હું ભાઈ તરીકેની જવાબદારીમાંથી જો ઉણો ઉતરું તો આ અબોલા જીવનું કોણ ? સ્વ. પિતાશ્રી રીખવચંદભાઈ કાપડની દુકાન ચલાવતા હતા ત્યારે ઘરની પરિસ્થિતિ સારી હતી. પરંતુ કાપડની દુકાન ભાગીદારે પચાવી પાડી, એ પછી ઘરની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ. એ સમયે ૨ ધોરણ સુધી અભ્યાસ કરીને મારે કામ ધંધો કરવો પડયો. પિતાજીને દમ, ટી.બી., શ્વાસ, એટેક જેવી અનેક પ્રકારની બિમારીઓએ ઘેરી લીધા ત્યારે મરતા મરતા ત્રણેય બહેનોને સાચવવાની જવાબદારી મારા માથે મૂકતા ગયા. છેલ્લે માતુશ્રી ગજીબેન મૃત્યુ પામ્યા ત્યારે પણ દીકરીઓને સાચવવાનો કોલ આપતા ગયા હતા.''

હેમેન્દ્રભાઈએ આર્થિક તંગીમાંથી બહાર નિકળવા માટે નાની મોટી નોકરીથી કંટાળીને એક બે વાર લોહી વેચીને પણ પૈસા કમાવવા પ્રયત્ન કરેલ પરંતુ બહેનોને દુઃખી કરી નથી. હેમેન્દ્રભાઈ લગ્ન જીવન અંગે વાત કરતા કહે છેકે ''પત્નીની ઈચ્છા ત્રણે બહેનોને રસ્તે રઝળતી મૂકીને ઘરથી અલગ રહેવાની હતી. પરંતુ એ મારાથી શક્ય ન હતું એટલે પત્ની સામે કોર્ટમાં જવું પડયું, તેમાં સમાધાન કરીને ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ થઈ જતા દેવાના ડુંગરમાં દબાઈ ગયો છું. સંબંધીઓનો સહકાર લઈને મેં પૈસા તો ભેગા કર્યા. પરંતુ છેવટે હું બરબાદ થઈ ગયો.''

''કાંઈ વાંધો નહિ, પણ મારી બહેનો માટે રાજીખુશીથી

સહન કરવા હજુ પણ હું તૈયાર છું.'' જુના જમાનાનું લાકડાથી જડેલું ખખડધજ અને અત્યંત અસ્તવ્યસ્ત રાચરચીલું ધરાવતા ઘરમાં આખો દિવસ ગુમ સુમ બેસી રહે છે. હેમેન્દ્રભાઈ આખો દિવસ સવારે ૧૦ થી રાતના ૮ વાગ્યા સુધી દુકાનની સર્વિસ કરીને પાછા ફરે ત્યારે પણ કોઈપણ પ્રકારની સંવેદના જોવા મળતી નથી. બહેનોને જાતે કોઈ પણ પ્રકારનું કામ કરી શકવાની ત્રેવડ પણ નથી. રાત્રે પેશાબ કરાવવા માટે હેમેન્દ્રભાઈને ત્રણથી ચાર વાર ઉઠવુ પડે છે.

તેઓ ને હંમેશા રાત્રે અડધા જાગતા અને અડધા સૂતેલા રહેવું પડે છે. પોતે જાણે છે કે બહેનો સહેજ પણ કશું નવુ શીખી શકે તેમ નથી છતાં રોજ રસોડામાં રાંધતા હોય ત્યારે બહેનોને ઉભી રાખીને કેવી રીતે રંધાય એવું સમજાવતા હોય છે. ત્રણેય બહેનોની માનસિક પરિસ્થિતિ એ છે કે આપો તો ખાય બાકી સામેથી કયારેય પૂછતા નથી ભાનુમતી બહેન વારંવાર બિમાર પડી જાય છે. તાવ આવે ત્યારે અનેક રાતોના ઉજાગરા કરવા પડે છે. હેમેન્દ્રભાઈ કહે છે કે ''એ ભલે કશું જ શીખી શકે તેમ ન હોય પરંતુ આમ કરવામાં મને મજા આવે છે. ત્રણ દુઃખિયારી બહેનો સાથે આ રીતે સમય પસાર કરીને ભાઈ ઉપરાંત મા-બાપ બનવાના પ્રયત્ન કરું છું. હેમેન્દ્રભાઈને સારું રાંધતા આવડતું નથી. આથી બહેનોને સારું ખવડાવવાની ઈચ્છા થાય ત્યારે બહારથી મિઠાઈ, નાસ્તો વગેરે લાવીને ખવડાવે છે. વાર તહેવાર હોય ત્યારે અડોસ પડોસમાંથી કોઈને રાંધવા બોલાવે છે. વર્ષોથી સવારે એક જ ટાઈમ જમે છે સાંજે ખાખરા કે દૂધ ખાઈને ભાઈ બહેનો ચલાવી લે છે. મંદ બુદ્ધિ

હોવાથી બહેનો ન્હાવામાં ચોકસાઈ રાખતી નથી એટલે માથામાં વારંવાર જૂ પડી જાય છે હેમેન્દ્રભાઈ તેમનું માથુ સાફ કરી આપે છે. વાળંદને ઘરે બોલાવીને વાળ કપાવી નાખે છે, જેથી બહેનોને રાત્રે ઉંઘ સારી આવે.

મંદબુદ્ધિના કારણે કોઈના ભરોસે ઘર છોડીને જવામાં જોખમ હોય છે. ક્યાંક ફરવા જાય અને વાગી જાય કે પડી જાય તો સ્વજનને ઉલમાંથી ચૂલમાં પડવા જેવો ઘાટ થાય છે. પરંતુ હેમેન્દ્રભાઈ ઘરમાં એકલા જ હોવાથી ફરજિયાત આમ કરવું પડે છે. એકવાર ભાતના ઓસામણમાં લપસી જવાથી ત્રણેય બહેનોને ઈજા થતા દવાખાને લઈ જવી પડી હતી. એકવાર ગેસનું સિલિન્ડર કાઢીને ચોર લઈ ગયા હતા. વર્તમાનમાં સુખી ઘરોમાં પણ સ્વસ્થ મા-બાપને પાંજરાપોળમાં (ઘરડાઘરમાં)રંગેચંગે મૂકી આવીને ખુશ થનારા દીકરાઓએ તથા માતા-પિતાની સંપત્તિ વિગેરે માટે ભાઈઓ-બહેનો સાથે કોર્ટે ચઢનારા વ્યક્તિઓએ આ પ્રસંગ પરથી પ્રેરણા પામીને કાંઈક જાગૃત થવા જેવું ખરું હોં..! !

## ૧૩. પ્રતિકૂળતામાં ધર્મ

હાલ અમદાવાદનો રહેવાસી યુવાન. ધંધા માટે ફેક્ટરી ચાલુ કરી. જૈન કુટુંબની યુવતી સાથે લગ્ન થયા. પત્ની જૈન કુટુંબમાં જન્મેલી હોવા છતાં પત્નીને જૈન ધર્મ પ્રત્યે સહેજ પણ માન નહિ. અજૈન દેવ-દેવીઓને માને, બાધા રાખે, પૂજા કરે. આ યુવાન તો રોજ જિનપૂજા કરે, વ્યાખ્યાનમાં જાય. પત્ની ઝઘડો કરે અને ના પાડે. અમુક વાર તો પૂજાનાં કપડાં પણ ફાડી નાખ્યાં છતાં

પણ ગુરુભગવંતના સત્સંગના પ્રભાવે યુવાને પૂજા-જિનવાણી ચાલુ રાખ્યાં. સાથે મક્કમતાપૂર્વક સામાયિક પણ કરવા માંડયો. દિવસમાં ૧૦ બાંધી નવકારવાળી ગણે. અરે ! આગળ વધીને શ્રાવકના બાર વ્રત પણ ઉચ્ચર્યા છે. દર પૂનમે શ્રી શંખેશ્વર પ્રભુની જાત્રા કરવા પણ જાય છે. સાધુ - સાધ્વીની અવસરે ભક્તિ કરે છે. સંઘની ભક્તિ કરે.

પ્રતિકૂળતા વચ્ચે પણ સત્ત્વ ફોરવી આરાધના કરનાર યુવાનને નતમસ્તકે વંદના અને અનુમોદના તો કરશો ને...!!

## ૧૪. લગ્નનો અદ્‌ભુત જમણવાર

વિદ્‌વદ્વર્ય પૂ. આ. શ્રી અભયશેખરસૂરીશ્વરજીની નિશ્રામાં વિ. સં. ૨૦૬૧માં ઉપધાન તપની આરાધના થઈ, સ્થળ હતું એ વિશ્વનંદીકર જૈન સંઘ, ભગવાનનગરનો ટેકરો, પાલડી. સુશ્રાવક શ્રી કીર્તિભાઈ પંચાસરાવાળાએ પણ ઉપધાન કર્યા. એક ભાવના પ્રગટી કે ચોથું વ્રત લેવું જ છે. બીજા પણ ભાગ્યશાળીઓને પ્રેરણા કરતાં બીજા ૪૩ યુગલો અને ત્રણ બેનો તૈયાર થયા. સમૂહમાં તે સહુએ બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચરાવ્યું.

કીર્તિભાઈના ત્રણ દીકરામાંથી એક દીકરાના લગ્ન પ્રસંગે રાત્રે પાર્ટીનો વિચાર ઘરમાં સગા-સંબંધીઓ કરી રહ્યા હતા. **કીર્તિભાઈ વિચારમાં પડયાં. રાત્રિભોજન તો નરકનું દ્વાર છે. આટલા બધાને રાત્રિભોજન કરાવીને આપણે કઈ નરકમાં જવું છે. ?** ના, મારે આનો કોઈક ઉપાય વિચારવો જ રહ્યો. દીકરાને સમજાવ્યું કે, **"જો તારી ભાવના થાય તો સંસારી સંબંધીઓને**

**જન્મ કોને આપવા માંગો છો ? શ્રીમંત ને કે સંતાનને ?**

**બદલે સાધર્મિક ભાઈઓને આમંત્રણ આપી બપોરનું સ્વામિવાત્સલ્ય ગોઠવીએ તો કેમ ? સાથે રાત્રિભોજનના પાપથી બચાશે.'' દીકરાએ વાત સ્વીકારી.** કીર્તિભાઈને ખૂબ આનંદ થયો. ૩૦૦ **જેટલા સાધર્મિકોને દૂધ થી પગ ધોઈ સાધર્મિક વાત્સલ્ય કર્યું. સાથે દરેકને ૩ મહિના ચાલે તેટલું સીધુ - સામાન આપી જિનાજ્ઞા મુજબ અનંતી કર્મનિર્જરા અને લખલૂટ પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કર્યું.** ધન્ય હો જિનશાસનના ઉત્તમ શ્રાવકોની ભાવનાને !!

હે જૈનો ! તમે પણ સંસારી સગાઈ કરતા સાધર્મિકની સગાઈને મુખ્ય બનાવી પુણ્યાનુબંધી પુણ્ય બાંધશોને..!! સાધર્મિકોના મુખના શબ્દો, ''મંદભાગી અમને બધા લોકો ધિક્કારે છે, જયારે સાધર્મિકના નાતે તમે અમારી ભક્તિ કરી એટલે અમને સંઘ અને જિનશાસન પર બહુમાન થાય છે.''

## ૧૫. ઉત્તમ મુહૂર્તનો પ્રભાવ

આશરે ૫ વર્ષ પૂર્વે અમદાવાદના એસ. પી. રીંગ રોડ પાસે, સુરભિત વાટિકા સોસાયટીમાં નૌતમભાઈએ ઘર લીધું સાથે સુંદર જિનાલય બનાવવાની ભાવના જાગી.જગ્યા નક્કી કરી. સોમપુરાને એડવાન્સ રકમ આપી. કોણ જાણે કેમ ? પરંતુ દહેરાસરના કામમાં જોઈએ તેવો વેગ આવતો ન હતો રકમ આપવા છતાં પત્થર પૂરતા પ્રમાણમાં આવતા ન હતા.

મૂળનાયક શ્રી સુમતિનાથ પ્રભુ ક્યાંથી મળે ? તે માટે શાસનરત્ન કુમારપાળ વી. શાહ ને વાત કરતાં તેમણે નંદાસણનું નામ સૂચવ્યું. ત્યાં જોવા જતા પ્રતિમાજી ખૂબ મનમોહક લાગ્યા.

**મરણ એ આખરી અને આકરી કસોટી છે.**

જોગાનુજોગ ત્યાં વિરાજમાન પૂ. નયચંદ્રસાગરજી મ. સા. પાસે વાસક્ષેપ કરાવી ભાવોલ્લાસપૂર્વક ઘરે લાવ્યા. પાછળથી તપાસ કરતાં સમજાયું કે તે સમયે પુષ્યનક્ષત્ર હતું. ઉત્તમ મુહૂર્તે ઉત્તમ પ્રભુજી લાવવાની સાથે કામમાં ખૂબ વેગ આવવા માંડયો. શિખરબંધી દહેરાસર અકલ્પનીય ઝડપથી પૂર્ણ થયું.
પાલડીથી ૧૫ કિ.મી. દૂર હોવા છતાં પાંચ દિવસના મહોત્સવપૂર્વક પંચકલ્યાણકની ઉજવણી, અંજનશલાકા સાથે પ્રતિષ્ઠા થઈ, જેમાં ૧૫૦૦ માણસની સાધર્મિક ભક્તિ થઈ.

પ્રતિષ્ઠા બાદ અનેક ભાવિકો અહીં પૂજા કરે છે. સાથે પૌષધશાળા પણ બનાવી છે. શ્રેષ્ઠ મુહૂર્તના અનેક પ્રભાવો આજે પણ અનુભવાય છે. અનેક સંઘોના ટ્રસ્ટનું ઓડીટ સંભાળી રહેલા નૌતમભાઈ વકીલ સહુને ભક્તિ માટે પધારવાનું આમંત્રણ આપે છે.

## ૧૬. અજૈનનું પરિવર્તન

પૂ. પર્યાય-સ્થવિર મુનિરાજશ્રી જયચન્દ્ર વિ. મ. સા.ના શિષ્ય પૂ. જયપદ્મ વિ. મ. સા. ને વિ. સં. ૨૦૪૮ જલગાંવ ચાતુર્માસ માટે જવાનું થયું. વચ્ચે વિહારમાં અમલનેર રોકાવાનું થયું. ઉપાશ્રયમાં ૧૨ વર્ષનો છોકરો સફાઈ કરે. નામ પૂછતાં એણે કહ્યું ''અનિલ વાઘ''. થોડી ઘણી વાતો કરતાં મહાત્માને ખ્યાલ આવ્યો કે 'આના ઘરમાં માંસ વિગેરે ખવાય છે. પરંતુ આ છોકરો ખાતો નથી.' જલગાંવ ચાતુર્માસમાં દર રવિવારની શિબિરમાં અનિલને એની યોગ્યતા જાણી બોલાવ્યો. શિબિરો દ્વારા જૈન ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ખૂબ વધી. માંસને કાયમી અલવિદા કરી ત્યારબાદ

નવસારી તપોવનમાં સંસ્કૃત પાઠશાળામાં અનિલને અભ્યાસ કરાવ્યો. પૂજા સેવા- નવકારશી- ચૌવિહાર કરતો થયો. કંઠ મધુર હોવાથી પ્રભુ ભક્તિ - સ્તવના ખૂબ સરસ કરે. **૪ વર્ષમાં પંડિત તરીકે તૈયાર થઈ હાલમાં ઔરંગાબાદમાં પાઠશાળામાં પંડિત તરીકે ભણાવે છે.** ભાવથી બોલજો કે અદ્ભુત એવા જિનશાસનને વંદન ! વંદન !

## ૧૭. નમસ્કાર સમો નહિ મંત્ર

વાસણા-અમદાવાદમાં રહેતા અલકાબેનના મોટા ભાઈને અમુક કારણે પગમાં પરૂ થયું. પાકવાનું એટલું વધી ગયું કે છેક ઢીંચણ સુધીનો પગ પાકયો. અને દવા-ઉપચારો ચાલુ પણ કોઈ ફેર નહિ. ડૉકટરે કહ્યું કે, "હવે એટલો પગ કપાવી નાખો નહિતર હજી વધશે." બધા ડરી ગયા. અલકાબેનને નમસ્કાર મહામંત્ર અને આયંબિલ યાદ આવ્યા. બસ **હવે નવકારનો જપ અને આયંબિલનો તપ એ જ શરણ હોજો.** સવારના ૪ વાગ્યે ઉઠી શ્રદ્ધા - ભક્તિપૂર્વક ધૂપ - દીપક કરી નવકાર મહામંત્રનો જાપ ચાલુ કર્યો. પ્રભુ પૂજા - ગુરુ વંદન - આયંબિલના પચ્ચક્ખાણ બાદ પાછા જાપમાં લીન થઈ જતાં. એકલા ભાતનું આયંબિલ ૧૫ મિનિટમાં કરી પાછા નવકાર જાપમાં ગોઠવાઈ ગયા. આશ્ચર્ય એ સર્જાયું કે **એક જ દિવસની સાધનાના પ્રભાવે ભાઈના પગની પીડા ઘટવા લાગી, પરૂ સુકાવા માંડયું. રાત સુધીમાં તો પગની પીડા શાંત થતા જાતે ચાલવા લાગ્યા.** પ્રાયઃ ૨૪ કલાકમાં અલકાબેને ૨૩ સામાયિક કર્યા.

**દાન આપ્યા બાદ માનની અપેક્ષા ન રાખો.**

ડૉકટરને બતાવતાં ડૉકટર પણ વિચારમાં પડયાં.

How it is Possible ? નવકારમંત્રના જપ, આયંબિલનો તપ એ મહામાંગલિક છે. અને Impossible ને પણ possible કરવાની તાકાત ધરાવે છે.

હસતાં હસતાં સુખ ભોગવો તો પાપ વળગી જાય
હસતાં હસતાં દુઃખ ભોગવો તો પાપ સળગીજાય.

## ૧૮. જયણા-પાલનનો ઉત્તમ પ્રેમ

ઉસ્માનપુરા અમદાવાદના શ્રી મિનાક્ષીબેન વર્ધમાની. થોડા વર્ષ પૂર્વે દીકરીના લગ્ન અષાઢ સુદ ૧૦ ના નક્કી થયા. છ અટ્ઠાઈ માંથી એક અષાઢી અટ્ઠાઈના દિવસે જયણા પાલન માટે લીલોત્તરીનો લગ્નમાં સંપૂર્ણ ત્યાગ, લીલા મરચાં, લીમડો,લીંબુ કે આઈસ્ક્રીમ તો નહીં જ પરંતુ આસોપાલવના તોરણ પણ નહિં. પ્લાસ્ટીકના ફૂલથી શણગાર કર્યો. બરફના પાણીને બદલે કાળા માટીની કોઠીમાં પાણી ભરાવી ઠંડુ કર્યું. વરવધૂ માટે માત્ર ગુલાબના બે હાર. સવારનું જમણ અને બપોરે વિદાય ! તમે પણ લિલોતરીને અભયદાન આપશો ને..!

આ શ્રાવિકા સૂર્યાસ્ત પછી મહેમાનોને પણ રાત્રે પાણી સિવાય કાંઈ આપતા નથી.

## ૧૯. ચાંદીનું જિનાલય

થોડા વર્ષો પૂર્વે બનેલું એ જિનાલય સાદા પથ્થરમાંથી બન્યા બાદ પ્રભુકૃપાએ વિસ્તાર ખૂબ સમૃદ્ધ બન્યો. શક્તિ વધતાં

**માંદગીને કર્મની શિક્ષાને બદલે ધર્મનું શિક્ષણ જોતા શીખો.**

સંઘે આખુ જિનાલય આરસનું બનાવવાનો વિચાર કર્યો. એક ગુરુભગવંતે સમજણ આપી કે આના કરતાં આખું જિનાલય ચાંદીથી મઢી દો તો જિનાલયની શાન ખૂબ વધશે. પૂજ્યશ્રીની પ્રેરણાને ઝીલી સંઘે ૫ કરોડના ખર્ચે આખું દહેરાસર ચાંદીથી મઢવાનું નક્કી કર્યું છે. આ જિનાલય ક્યાં આવ્યું છે એ શોધવાનું કામ તમારૂં...

એ જ અમદાવાદમાં એક ખ્યાતનામ પરિવારના બંગલામાં વર્ષો જૂનું ચાંદીનું જિનાલય ખૂબ વિશાળ રથ તરીકે તૈયાર કરેલું છે. ૬''રી'' પાળતા સંઘમાં પણ લઈ જવાયેલ છે. આખું જિનાલય ફોલ્ડીંગ છે, છૂટું પણ કરી શકાય છે.

## ૨૦. અનુમોદના... અનુમોદના...

(૧) પાલીતાણામાં ૩ મહિનાના બાળકે ઉપવાસ કર્યો.

(૨) મુંબઈમાં પોણા ૩ વર્ષના ભુલકાએ અઠ્ઠાઈ તપની આરાધના કરી.

(૩) એક મહાન શ્રાવિકાએ વિશ્વ રેકોર્ડ ૫૧ ઉપવાસ ચઉવિહારા કર્યા.

(૪) ડભોઈના એક મહાન શ્રાવકે ભયંકર ગરમીના દિવસોમાં પણ ચોવિહારા ૩૧ ઉપવાસ કર્યા.

(૫) એક શ્રાવકે જિંદગીમાં કયારેય ટી.વી., વીડીયો કે થિયેટરમાં પિક્ચર જોયું નથી. આ કાળમાં બહુ ઉંચો આદર્શ ઊભો કર્યો છે.

(૬) દલપતભાઈ બોથરાએ શ્રાવક વર્ગમાં વિશ્વ રેકોર્ડરૂપે

**લાંબુ જીવવા કરતા જાગવુ વધુ જરૂરી છે.**

લાગલગાટ ૩૪ વર્ષ સુધી આયંબિલ કર્યા. અર્થાત્ ૧૧ હજાર ઉપર આયંબિલ,૧૫૪ ઓળીની આરાધના.

(૭) સુશ્રાવક ભોગીભાઈએ 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ' આ મંત્ર બોલ્યા બાદ પંચાંગ પ્રણિપાતપૂર્વક ૧ કરોડ ખમાસમણા આપ્યા.

(૮) સાબરમતીના એ ભાગ્યશાળીએ પ્રભુને પારણાંમાં પધરાવવાનો ચઢાવો ૧૪ લાખમાં લીધો.માસક્ષમણના તપસ્વી એવા વૃદ્ધ માજીના હાથે પારણાંમાં પ્રભુ પધરાવડાવ્યા. આશ્ચર્ય એ છે કે એ માજી એમના કોઈ સંબંધી ન હતા.

## ૨૧. પ્રભુનો જન્મોત્સવ બન્યો મૃત્યુ -મહોત્સવ

નાનકડું નગર પણ ખૂબ ધાર્મિક. તેમાં વિદુષી સાધ્વીજી ભગવંતના ગ્રુપનું ચાતુર્માસ. સાધ્વીજી-ભગવંતની પ્રવચન-શૈલી અને સમજાવટની કળા વિગેરેને કારણે બધા અનુષ્ઠાનો ખૂબ જામ્યા. આખું નગર ધર્મના રંગે રંગાયું. અવસરે પ્રભુ નેમિનાથ દાદાનો જન્મોત્સવ સ્ટેજ પ્રોગ્રામ પૂર્વક કરવાનું નક્કી થયું. બધી તૈયારીઓ ચાલુ છે. તેમાં ૫૬ દિક્કુમારી તરીકે નાની-નાની ૧૧ બાળાઓની પસંદગી થઈ. તેમને નૃત્યની ટ્રેનીંગ અપાઈ ગઈ અને બધી બાળિકાઓના અભિનય સુંદર હોવાથી તેમને સ્ટેજ પ્રોગ્રામમાં ભાગ લેવાની પૂ. સાધ્વીજી ભગવંત દ્વારા સમ્મતિ મળી ગઈ.

છેલ્લું અઠવાડિયું બાકી હતું અને પૂ. સાધ્વીજી ભગવંતે વ્યવસ્થાપકોને પ્રેરણા કરી કે 'દિક્કુમારીના બધા ડ્રેસ એકસરખા

અને આકર્ષક કરાવી શકાય.'

'જરૂર સાહેબ! થઈ જશે પરંતુ તેનો નકરો રૂા. ૨૦૦ લઈને પછી તે જ બાલિકાઓને ભેટ આપી દઈએ તો કેમ ?' એક ભાઈએ વાત મૂકી  અને નક્કી થયું. ડ્રેસનું માપ લેવાઈ ગયું. સીવડાવવા અપાઈ ગયા અને દરેક બાલિકાને રૂા. ૨૦૦ ભરી જવા જણાવી દીધું.

એક બાલિકાના ઘરે સાંજે ધમાલ શરૂ થઈ. એ બાલિકા ૯ વર્ષની ઉંમરની હતી. ઘરના અને માના સંસ્કારોના કારણે પ્રભુની ખૂબ રાગી હતી.અઠવાડિયા પછી આવનારા પ્રભુના મહોત્સવની અને તેમાં દાદા સામે દિક્કુમારી બની નૃત્ય કરવાની પુણ્યપળની રાહ જોઈને બેઠી હતી અને રૂા. ૨૦૦ ભરવાના સમાચાર મળતાં મમ્મીને વાત કરી. 'મમ્મી ! દિક્કુમારીના ડ્રેસના રૂા. ૨૦૦ આપીશ ? 'બેટા ! આપણી પાસે એટલા રૂપિયા નથી. આપણે ગરીબ છીએ.' પણ પેલી છોકરી તો જીદે ચઢી. તેને દાદાના મહોત્સવમાં નૃત્ય કરવું જ હતું. 'મમ્મી ! ગમે તે રીતે તું રૂા. ૨૦૦ ની વ્યવસ્થા કરી આપ, નહિ તો દાદાનો મહોત્સવ હું ઉજવી નહિં શકું.'

'બેટા ! તારા પિતાજીને મરી ગયાને ૫ વર્ષ વીતી ગયા. કોઈ કમાનારું નથી. હું ખાખરા, પાપડ કરીને ઘરનું માંડ-માંડ પૂરું કરું છું. બેટા ! તું ખૂબ નાની છે. તને મારી કથની શું કહું ? આ વખતનું ઘરભાડું પણ કેમ ચૂકવીશ તેના ટેન્શનમાં જીવું છું.૨ દિવસ પહેલાં કરિયાણું ખરીદ્યું છે,  તેના પૈસા પણ ચૂકવવાના બાકી છે. માટે બેટા !'  બોલતા બોલતાં જ મમ્મી રડવા જેવી થઈ

ગઈ. દીકરીને પોતાના બાહુપાશમાં લઈ ચૂમીઓ ભરવા લાગી.'

'હવે જીદ ન કર. હું તને ખૂબ ચાહું છું. જીવનમાં તું જ મારું સર્વસ્વ છે. તારી બધી જ ઈચ્છા આજ સુધી મેં પૂરી કરી છે. તને કયાંય ઓછું આવવા દીધું નથી પણ .....આજે હું લાચાર છું, બેટા ! હું લાચાર છું.'

બોલતા બોલતા માં ડુસ્કા ભરીને રડવા માંડી. એક બાજુ દીકરી પરનો અતિશય રાગ છે તથા બીજી બાજુ પરિસ્થિતિવશ લાચારી છે. બંનેના દ્વન્દ્વે તેને બેબાકળી કરી દીધી છે.

બાળા ભલે નાની છે પણ સમજુ છે. તરતજ પરિસ્થિતિ સમજીને જીદ છોડી દીધી. મમ્મીને શાંત કરવા લાગી અને પોતાની કાલી-ઘેલી ભાષામાં બોલવા લાગી, **"મમ્મી ! તું જરાય ચિંતા ન કર. હું તારી દીકરી નથી પણ દીકરો છું. હું મોટી થઈશ પછી ખૂબ કમાઈશ.** તને બધી ચિંતાઓથી મુક્ત બનાવી શેઠાણી બનાવીશ. તને બધી આરાધના કરવાનો સમય ફાળવી દઈશ. બસ ! મમ્મી ! તું ૩-૪ વર્ષ પસાર કરી લે. પછી તારો આ દીકરો (!) તને સુખી સુખી કરી દેશે."

બેટી તરફથી મળતું આશ્વાસન અને છોડી દીધેલી જીદે મા ને થોડી સ્વસ્થ કરી. પછી બંન્ને પરસ્પર ભેટી પડ્યાં. ચૂમીઓ ભરી અને બંનેએ હળવાશ અનુભવી.

રાત્રે સાધ્વીજીને મળવા માટે આ નાનકડી છોકરી પહોંચી ગઈ. મુખ્ય સાધ્વીજી પાસે જઈને રડવાનું શરૂ કર્યું. મમ્મીને સાંત્વના આપવા જીદ છોડી દીધી હતી પણ પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ, પ્રભુની દિક્કુમારી થઈ નૃત્ય કરવાની ભાવના એવીને

એવી હતી. તેથી સાધ્વીજી ભગવંત આગળ રડતાં રડતાં બોલવા લાગી : **'ગુરુજી ! એવો તો મેં કયો ગુનો કર્યો, પાપ કર્યું કે દાદાના મહોત્સવમાં દિક્કુમારી થઈ મને નાચવાનું નહિ મળે. શું અમે પૈસા ન ભરી શકીએ તો ભગવાનની ભક્તિમાંથી બાકાત થઈશું ? ગુરુજી ! અમારી ગરીબીના કારણે કયારેય પ્રભુજીને કોઈ વિશિષ્ટ દ્રવ્ય ચઢાવી શકતા નથી. આપ ગુરુજીઓને સારી વસ્તુ વહોરાવી શક્તા નથી અને કોઈ પ્રબળ પુણ્યોદયે દિક્કુમારી બની નૃત્ય કરવાનું સૌભાગ્ય હાલ પ્રાપ્ત થયું હતું, તે ડ્રેસના રૂા. ૨૦૦ ન ભરી શકવાથી નાશ પામ્યું. આપ કંઈક કરો. મારે દાદાની દિક્કુમારી બનવું જ છે.'** બાળાની પ્રભુ પ્રત્યેની ભકિત નિહાળીને સાધ્વીજીએ કહ્યું ' તારે રૂા. ૨૦૦ ભરવાના નથી અને ભગવાનની દિક્કુમારી બની જેટલું નાચવું હોય તેટલું નાચવાની છૂટ છે.'

આ શબ્દો સાંભળતાં જ પેલી છોકરી તો ત્યાં જ ઊભી થઈ નાચવા માંડી. 'ગુરુજી ! આપે ખૂબ ઉપકાર કર્યો. આપનો ઉપકાર ક્યારેય નહિં ભૂલું.'

જોત જોતામાં ભવ્ય જન્મોત્સવની ઉજવણીનો દિવસ આવી ગયો. સવારે ૯-૦૦ વાગે પ્રોગ્રામ શરૂ થવાનો છે. આગલી રાતથી જ એક જ અધ્યવસાય ચાલે છે. મારે સવારે દાદાની દિક્કુમારી બનવાનું છે. પ્રભુ આગળ નૃત્ય કરવાનું છે. ખૂબ મજા આવશે. ખૂબ કર્મ ખપશે. ખૂબ પુણ્ય બંધાશે.

જે પણ નવા વ્યકિત મળે એની આગળ એટલા જ ઉલ્લાસપૂર્વક આ જ વાત કર્યા જ કરે. તેના હૃદયમાં આનંદ માતો નથી. રાત્રે સ્વપ્નમાં પણ 'ડ્રેસ પહેર્યો, સામે ભવ્ય દાદા નેમિનાથ

બિરાજમાન છે અને હું નૃત્ય કરી રહી છું.' એવું દશ્ય નિહાળ્યું.

સવારે વહેલા ઉઠી તૈયાર થઈ. સૌથી પહેલી સ્ટેજ આગળ પહોંચી ગઈ. પ્રોગ્રામ શરૂ થયો. હવે તેનો વારો આવ્યો. જેની રાહ તે દિવસોથી જોતી હતી તે પળ આવી ગઈ.

નેપથ્યમાંથી હાથમાં રક્ષા પોટલી લઈ નાચતી -નાચતી સ્ટેજ પર આવી. ઉછળતા ભાવપૂર્વકનું તેનું વિશિષ્ટ નૃત્ય બધાના આકર્ષણનું કેન્દ્ર બન્યું. તેના પગની પ્રત્યેક થીરકી અને હાવભાવોમાં પ્રભુ પ્રત્યેનો અવિહડ પ્રેમ દેખાતો હતો. હાથમાં રક્ષાપોટલી લઈ એક પ્રદક્ષિણા આપી, બીજી પ્રદક્ષિણા નૃત્ય કરતાં કરતાં આપી અને **ત્રીજી પ્રદક્ષિણા જયાં પૂરી થઈ અને ઉછળતાં ભાવોલ્લાસ સાથે એનો આયુષ્યનો દીવડો ત્યાં જ બુઝાઈ જતા પંડિતમરણ પ્રાપ્ત થયું.**

પ્રભુનો જન્મોત્સવ તેના માટે મૃત્યુનો મહોત્સવ બની ગયો. ધન્ય છે એ બાળિકાના ભાવોને ! એના આ શુભ ભાવોને ય આપણાં ભાવથી વંદન...!!!

## ૨૨. દેવદ્રવ્ય તો મારે ના જ ખપે

એક ભાગ્યશાળી એ યોગ્ય-ઉત્તમ સોમપુરાને અનેક જિનાલયોના કામ અપાવ્યા. તે બદલ એ સોમપુરાએ એ પ્રભુભક્તને ૧૦૦ ગ્રામ સોનું આપવા છતાં તેમણે આ સોનું લેવાનો ધરાર ઈન્કાર કરી દીધો. સોમપુરાનું દ્રવ્ય દેવદ્રવ્યનું કહેવાય. તે ન જ ચાલે એ ભાવનાથી. ભક્તની ભાવના તો લાજવાબ હતી પણ સાથે પ્રભુભક્ત એ સોમપુરાએ નહીં નફાના ધોરણે જિનેશ્વર પરમાત્માની

૫૦૦થી વધુ પ્રતિમાજી જિનભક્તને અર્પણ કરી. આ છે જિનભક્તની આજ્ઞાપ્રતિબદ્ધતા અને સોમપુરાની કૃતજ્ઞતા.

## ૨૩. ગિરિરાજ ! તારો પ્રભાવ છે, અપરંપાર

ગુજરાતનું પાટણ શહેર. ત્યાં પંડિત પ્રભુદાસભાઈ પારેખ જિજ્ઞાસુઓને ધાર્મિક અભ્યાસ કરાવતા હતા ત્યારની વાત. એમનાં સ્થાનની બહાર હૈદરઅલી નામે મુસ્લિમ યુવક બેસે. એ સંપૂર્ણ મૂંગો હતો. એક અક્ષર બોલી ન શકે. અલબત્ત, ઈશારાથી સમજવાની એની શક્તિ ખૂબ વિકસ્વર હતી. પરંતુ વાણીનો વૈભવ એનાથી બાર ગાઉ દૂર હતો. એ ઘણીવાર ધર્મભાવનાથી પ્રેરાઈને પાટીમાં મોટા અક્ષરે 'હિંસા ન કરો... જૂઠ ન બોલો ...' વગેરે સૂચનાઓ લખીને પોતાના મુસ્લિમ બિરાદરોને બતાવતો. પુસ્તકાલયમાં પુસ્તકો લેવા-મૂકવાનું કાર્ય પણ ઈશારે ઈશારે કરે.

લગભગ ૪૦ વર્ષો બાદ પ્રભુદાસભાઈ એક વાર શત્રુંજય ગિરિરાજની યાત્રા કરી રહ્યા હતા. ત્યાં પાછળથી જોશભર્યો ઉમળકાભર્યો અવાજ આવ્યો : 'પ્રભુદાસકાકા' કાકાએ પાછળ દૃષ્ટિ કરી, તો તેઓ આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયા. એ અવાજ પેલા મૂક મુસ્લિમ યુવાન હૈદરઅલીનો હતો. પ્રભુદાસકાકાએ પૂછયું કે, "અરે ! તું અહીં ક્યાંથી ? અને તને આ સ્પષ્ટ વાણી કયાંથી મળી ?"

હૈદરઅલીએ હરખાતાં હરખાતાં ઉત્તર આપ્યો : "કાકા, એ કહેવા જ તમને સાદ કર્યો છે. વાત એમ બની કે મારી સેવાથી ખુશ થયેલા આચાર્ય મહારાજ શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજે

મને એક વાર કહ્યું કે,'' **તું પાલીતાણા જઈને શત્રુંજયગિરિરાજની યાત્રા કર, દાદાના પ્રભાવે તારું આ મૂંગાપણું દૂર થઈ જશે,** ઉદયસૂરિદાદા જેવા સરળ મનના સાધુપુરુષની વાણી સફળ જ નીવડશે, એમ માનીને હું શ્રદ્ધાભેર શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવા આવ્યો. જીવનની એ સર્વપ્રથમ યાત્રા હતી. સાડાત્રણ હજાર પગથિંયા ચઢીને જયાં મેં આદીશ્વરદાદાના દર્શન કર્યા, **ત્યાં આપોઆપ જ કોઈ પ્રયત્ન વિના મારા મુખમાંથી શબ્દો સરી પડયા કે, 'દાદા તું મહાન છે ?' બસ, તે ક્ષણથી મારો અંતરાય તૂટી ગયો.** હું સ્વસ્થ માનવીની જેમ ત્યારથી બધું બરાબર બોલી શકું છું. એ પછી વર્ષો વર્ષ હું અહીં યાત્રાએ આવતો રહું છું. આજે ય એ રીતે યાત્રાએ આવ્યો.

## ૨૪. નયનોમાં તેજ આપે, ચક્ષુદાતા ભગવાન

મુંબઈમાં વસતો એક સંપત્તિસમૃદ્ધ, સંસ્કારસમૃદ્ધ જૈન પરિવાર. સંપત્તિ કરતાંય સંસ્કારોની સમૃદ્ધિ ચડિયાતી. એ પરિવારની સુશીલ કન્યાનાં લગ્ન લેવાયા. લગ્નનો દિવસ હતો તા. ૧૯-૧-૨૦૧૧નો.

બધી ધારણાને ધૂળમાં મેળવી દે અને અણધારી રીતે આફતની ઝંઝાઝડી વરસાવી દે એનું જ નામ તો સંસાર ! લગ્નની આગલી સાંજે તા. ૧૮મી જાન્યુઆરીએ કન્યાને **આંખોમાં એકાએક કોઈ તકલીફ એવી થઈ ગઈ કે સદંતર દેખાતું બંધ થઈ ગયું, આંખે અંધાપો આવી ગયો.** બીજે જ દિવસે લગ્ન હતા, એથી કન્યાની ચિંતા વધી ગઈ. એણે રાત્રે 'મા'ને વાત કરી.'મા'એ

તત્કાલ તો હૈયાધારણા આપીને કહ્યું 'બહુ શ્રમના કારણે આ થયું હશે. તું અત્યારે શાંતિથી આરામ કરી લે. સવારે બધું સરસ થઈ જશે.' પરંતુ અંદરથી તો 'મા' ખુદ સખત ચિંતાગ્રસ્ત બની ગઈ હતી.

કન્યાએ 'મા'ની સૂચના પ્રમાણે કર્યું. પરંતુ સવારે ઊઠતાં વેંત એને ખ્યાલ આવી ગયો કે, તકલીફ તો એ જ ચાલુ છે. **આ કામચલાઉ 'રિએકશન'નથી, કાયમી સમસ્યા છે.** પોતાની સમગ્ર ભાવિ જિંદગી અંધકારમય બની જવાના મજબૂત ભય વચ્ચે સવાયી મજબૂતાઈથી કન્યાએ પોતાના સંસ્કારોનું હીર ઝળકાવતી વાત ત્યાં ને ત્યાં જ માતા-પિતાને કરી : 'લગ્ન આજના જ છે. એથી સમય ગુમાવ્યા વિના હમણાં જ મારા શ્વસુરપક્ષને આ દુર્ઘટનાની જાણ કરી દો અને લગ્નની માંડવાળ કરી દો. આપણે એમને અંધારામાં નથી રાખવા કે બોજરૂપ પણ નથી બનવું.' માતા-પિતાની આંખોમાં આંસુ આવી ગયા. એથી દીકરીનું જીવન અંધકારમય થતું હતું, તો પણ એમણે વિચારનો અમલ કર્યો અને વેવાઈ-જમાઈને જાણ કરીને લગ્ન કેન્સલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો.

ખરી કમાલ હવે થઈ. જમાઈ પણ પ્રકાશપ્રેમી જીવનશૈલીનો સ્વામી નીકળ્યો. અન્યના હિત ખાતર પોતાના હિતને ગૌણ કરવાની નિઃસ્વાર્થ ભાવનાથી પ્રેરાઈને એણે પોતાનો ત્વરિત મક્કમ પ્રતિભાવ આપ્યો : **'લગ્ન આજે જ થશે અને મારી સાથે જ થશે.** એને હર કોઈ સ્થિતિમાં સ્વીકારી લઈશ અને સાચવી લઈશ.' ગળગળા થઈ ગયેલા કન્યાના પિતાએ કહ્યું : 'શાંતિથી વિચારો. આ ક્ષણવારનો સવાલ નથી. આ તો જિંદગીભરનો

સવાલ છે.' જમાઈએ ધારદાર ઉત્તર આપ્યો : "**ધારો કે આ જ તકલીફ ગઈ કાલે મને થઈ હોત, તો આજે મારા મનની ઝંખના શી હોત ?** અથવા તો આ તકલીફ લગ્નના બે-ચાર દિવસ બાદ અમારા બેમાંથી કોઈને થઈ હોત, તો શું અમે એક-બીજાને છોડી શકત ? જો ના, તો પછી આજે એને હું કેમ છોડી શકું ?" અને લગ્ન નિર્ધારિત સમયે નિર્ધારિત સ્થળે રંગેચંગે થઈ ગયા.

લગ્ન પછી દંપતી પાલનપુર ગયા. ત્યાં જાણીતા અને નિષ્ણાત ડૉકટરને આંખ બતાવી. એમણે કહ્યું : 'બહુ મુશ્કેલ કેસ છે. મદ્રાસ જાવ તો કદાચ કાંઈ થાય તો થાય.'

નવવધૂ પ્રબળ શ્રદ્ધાસંપન્ન હતી. એણે પતિને કહ્યું : 'મદ્રાસ પછી જઈશું. પહેલાં અહીં નિકટના મારા વતનના ગામ દાંતરાઈ (રાજ.) જઈએ. **ત્યાં ભગવાન મુનિસુવ્રતદાદાનું જિનાલય છે. મને એમના પર પૂર્ણ શ્રદ્ધા છે. ત્યાં પૂજા કરીએ,** પછી મદ્રાસની વાત.' બંન્ને દાંતરાઈ ગયા. એ દિવસે બન્નેએ આયંબિલ તપ કર્યું, ભાવપૂર્વક પૂજા કરી, સ્નાત્ર ભણાવ્યું અને અંતે શાંતિકળશ પણ કર્યો. **શાંતિકળશ બાદ જયાં એનું સ્નાત્રજળ આંખે લગાડયું, ત્યાં જ આંખે ઝળહળતું તેજ લાધ્યું. બન્ને આંખોની રોશની પાછી આવી ગઈ.** વંદન હો.. અચિંત્ય ચિંતામણી શ્રી મુનિસુવ્રત ભગવાનને...!! વંદન હો.. એ પરમાત્મા પ્રત્યેની તે દંપતિની અટલ અવિચલ શ્રદ્ધાને.....!!

## ૨૫. સંસ્કારદાત્રી મા

નામ એનું મોક્ષા. હાલ તેની ઉંમર ૬ વર્ષની છે. પણ

પૂર્વની કોઈ જબરજસ્ત આરાધના કરીને આવેલો એ જીવ છે કે તેને અત્યંત સંસ્કારી-કુટુંબમાં જન્મ મળ્યો. ગર્ભકાળથી જ માતાએ ખૂબ સંસ્કારો આપ્યા. ગર્ભકાળમાં જીવન ખૂબ ધર્મમય બનાવ્યું. માની એક જ ભાવના કે **'મારા ઘરે આવેલું સંતાન દુર્ગતિમાં ન જવું જોઈએ.' જન્મથી ઉકાળેલું પાણી, ઉંમર થતા નવકારશી, ચૌવિહાર, ભગવાનના દર્શન-પૂજા, સામાયિક, અભક્ષ્યનો સંપૂર્ણ ત્યાગ, કંદમૂળનો ત્યાગ.** હજુ સુધી મોક્ષાનું ભોજન, કંદમૂળ, બરફ, ઠંડાપીણાં, ચોકલેટ વગેરેથી અભડાયું નથી.

તે પાંચ વર્ષની હતી અને એક પ્રસંગ બની ગયો. સ્કુલમાંથી એક દિવસ માટે ટુર જવાની હતી. સવારે નીકળી રાત્રે પાછા આવવાનું હતું. મમ્મીએ ઉકાળેલા પાણીની વોટરબેગ અને નાસ્તાનો ડબ્બો તૈયાર કરી આપ્યો અને મોક્ષાને સમજાવી દીધું 'બેટા ! ટુરમાં તો બધુ જમવાનું અભક્ષ્ય હશે, કંદમૂળવાળું હશે. પાણી કાચું હશે, તેથી તે કોઈપણ વસ્તુ ન ખાતી. ભૂખ લાગે ત્યારે ડબ્બામાંથી ખાજે અને વોટરબેગમાંથી પાણી પીજે. બેટા! વચ્ચે વચ્ચે બધાને આઈસ્ક્રીમ, ચોકલેટ, કેડબરી વિગેરે આપશે, પણ તું કાંઈ લેતી નહીં, બેટા ! **હજુ આ અભક્ષ્ય વસ્તુથી તારું મોં ગંદુ થયું નથી, તો ભૂલેચૂકે ટુરમાં મોં ગંદુ ના કરતી. અભક્ષ્ય ચીજો ખાવાથી ખૂબ પાપ લાગે.** નરકમાં જવું પડે માટે બેટા ! ધ્યાન રાખજે."

મોક્ષાને સમજાવી ટીચરને પણ બધી વાત સમજાવી દીધી. આટલી નાનકડી છોકરી તેને કદાચ કાંઈ ખબર ન પડે અને નાના છોકરાઓને સારી-સારી વસ્તુઓ ગમે, ભાવે તેથી ખાઈ પણ લે, તેથી ટીચરને પણ સમજાવી દીધું હતું.

**ગરીબ પેટ પૂરવા મજૂરી કરે તો અમીર મન ભરવા મજૂરી કરે.**

મમ્મી તો સ્કુલમાં મૂકીને ગઈ. બસ ઉપડવાને વાર હતી. ટીચરે નાસ્તાનો ડબ્બો અને વોટરબેગ ભરાવેલા, પણ ઘણાં છોકરાઓની જવાબદારીના કારણે ભૂલથી ડબ્બો અને વોટરબેગ પોતાની ઓફીસમાં જ રહી ગયા અને બસ ઉપડી. સ્થાને પહોંચ્યા. ટીચર તો વ્યવસ્થામાં હોવાથી મોક્ષાની કાળજી લઈ શક્યા નહિ. જાત-જાતની ખાવાની વસ્તુઓ કેટબરી, ચોકલેટ, આઈસ્ક્રીમ બધાને વહેંચાઈ રહ્યું છે. તેની બધી બહેનપણીઓ મસ્તીથી વાતો કરતી હતી. હસ્તી-ખેલતી વાપરી રહી છે પણ મોક્ષા તેમાંનું કાંઈપણ લેતી નથી. એની બહેનપણીઓ ખૂબ આગ્રહ કરે છે છતાં તે ઘસીને ના પાડે છે. **નાનકડી ૫ વર્ષની હોવા છતાં આઈસ્ક્રીમ વિગેરેનું એને આકર્ષણ નથી કેમકે તે ખૂબ પાપભીરૂ છે.**

બપોરના ભોજનનો સમય થયો. પેલા ટીચર તો મોક્ષાને સાવ ભૂલી જ ગયા અને મોક્ષાની કસોટી આવી. થાળીઓ ગોઠવાઈ ગઈ. એક પછી એક સ્વાદિષ્ટ વાનગીઓ પિરસાય છે. પણ મોક્ષાને બધામાં અભક્ષ્ય હોવાની શંકા રહ્યા કરે છે. અને મમ્મીએ પણ ના પાડી છે તેથી કાંઈ લેતી નથી. છેવટે ખાલી બે પુરી ખાઈને દિવસ પસાર કરે છે. આખો દિવસ પાણી પીધું જ નથી અને ખાવામાં બે પુરી જ વાપરી છે.

ટુર પૂરી થઈ ગઈ. ઘરે આવી ડબ્બો અને વોટરબેગ ભરેલા છે. મોક્ષા ઢીલી થયેલી જણાય છે તેથી મમ્મીએ પૂછયું 'બેટા ! કેમ કંઈ ખાધુ નથી ?'

'મમ્મી ! ટીચર મારો ડબ્બો તથા વોટરબેગ ભૂલથી સ્કુલે ભૂલી ગયેલા.'

**મુશ્કેલીમાં મદદ માંગશો તો મુશ્કેલી બાદ પણ ઉપકાર માથે રહેશે.**

'તો શું તે બહારની અભક્ષ્ય ચીજો વાપરી ?'

'ના મમ્મી ! તેં જ તો સમજાવ્યું છે કે બહારની કોઈ વસ્તુ ન ખવાય. ખાઈએ તો બહુ પાપ લાગે. આપણે નરકમાં જવું પડે, તેથી આખા દિવસમાં બે પુરી સિવાય કાંઈ પણ મેં ખાધું-પીધું નથી.'

'બેટા ! પાણી પણ નથી પીધું. બીસ્લરીનું તો ચોક્ખું હોયને ?' 'મમ્મી ! ભલે બીસ્લરીનું પાણી પણ તે કાચું અને અળગણ તો હોય જ ને ? તે કેવી રીતે પીવાય ?'

મોક્ષાના પાપભીરૂતાથી ભરેલા શબ્દો સાંભળી મમ્મીની આંખોમાંથી હર્ષાશ્રુ આવી ગયાં.મોક્ષાને હૃદય સરસી ચાંપી વાત્સલ્યથી નવડાવી દીધી. મમ્મીને ૫ વર્ષ સુધી પોતે આપેલા સંસ્કારો સફળ લાગ્યાં.

ધન્ય છે ધર્મ કટ્ટર આ બાળાને !!!

એથી ય વધુ ધન્ય છે સંસ્કાર દાત્રી તેની માતાને !!! આજે આપણી વચ્ચે આવી અનેક ધર્મસંસ્કારદાત્રી માતાઓ વસે છે.

હે માતાઓ ! સંતાનનો આવતો ભવ સુધરે એની પણ અવશ્ય જાગૃતિ રાખીને વધુમાં વધુ ધર્મ સંતાનને સમજાવજો, કરાવજો એ જ શુભેચ્છા.

## ૨૬. સાચી સંવત્સરી

"મહારાજ સાહેબ ! ૭૦ વર્ષ વટાવી ચૂકેલા અમારા પ્રમુખ સાહેબ આપને સ્વભાવના કડક અને જીદ્દી જેવા લાગતા હશે, પણ ખરેખર કહું ? એમના હૈયા જેવી કોમળતા ભાગ્યે જ

જોવા મળે છે."

દક્ષિણ ગુજરાતના એક સંઘમાં કોઈક શ્રાવકે એક ગુરુભગવંતને જયારે ખાનગીમાં આવી રીતે વાત કરી, ત્યારે સહજ રીતે જ ગુરુજીએ સામો પ્રશ્ન કર્યો, " એવું તમે કયા આધારે કહો છો ? આમ તો એ બહુ કડક લાગે છે.."

"એટલે જ તો આપને આ વાત કરવા આવ્યો છું " એ શ્રાવક બોલ્યો, અને પછી એણે એક અદ્‌ભુત ઘટના ગુરુજીને કહી સંભળાવી.

"અમારા સંઘમાં ઘણાં વર્ષોથી એ ટ્રસ્ટી અને પછી પ્રમુખ પદે રહ્યા છે. એમની લાગવગ-સત્તા ઘણી ! અત્યંત પ્રામાણિક ! પણ સ્પષ્ટ વક્તા ! લશ્કરી શિસ્તમાં માનનારા !

એકવાર સંઘના એક ભાઈને નવા ટ્રસ્ટી તરીકે લેવાની વિચારણા શરૂ થઈ. બીજા બધા ટ્રસ્ટીઓ, એ નવા ભાઈને ટ્રસ્ટી તરીકે લેવા લગભગ તૈયાર ! પણ અમારા પ્રમુખ સાહેબને એ ભાઈ માફક આવેલા નહિં. એટલે એમણે ટ્રસ્ટીમંડળમાં રજૂઆત કરી કે "એ ભાઈને જો ટ્રસ્ટી તરીકે લેવાના હોય, તો પછી એમની સાથે હું કામ નહિ કરી શકું. હું રાજીનામું આપી દઈશ., તમે ખુશીથી એમને લો..."

આ શબ્દો ધમકીરૂપ ન હતા, પણ એમની સચ્ચાઈનો રણકાર હતો. ટ્રસ્ટીઓ 'પ્રમુખ સાહેબ જાય' એ કોઈપણ ભોગે ઈચ્છતા ન હતા. એટલે છેવટે પેલા ભાઈને નવા ટ્રસ્ટી બનાવવાનું રદ્દ કરવામાં આવ્યું

આ બધી વાત કાંઈ છાની રહે ? પેલા ભાઈને ખબર પડી

અને એમને પ્રમુખ સાહેબ ઉપર ભારે ક્રોધ ચડ્યો. "એમણે મને ટ્રસ્ટી બનતા અટકાવ્યા..." આ વિચારને કારણે એવો તો વૈરભાવ બંધાયો કે સંઘમાં પ્રમુખ સાહેબ માટે નિંદા-ટીકા કરવામાં કોઈ કમી ન રાખી.

આ બધા સમાચાર પ્રમુખ સાહેબને મળ્યા. એ મૌન જ રહ્યા, પણ એમના મનમાં ગડમથલ તો ચાલતી જ હતી.

સંવત્સરીનો એ દિવસ ! બારસાસૂત્રનું વાંચન પૂરું થયા બાદ સાધુ તો રૂમમાં જતા રહ્યા. હજી ઉપાશ્રયના હોલમાં પ્રમુખ સાહેબ, ટ્રસ્ટીઓ અને સંઘના ઘણા બધા માણસો તો ઉભેલા જ હતા. એ વખતે પ્રમુખ સાહેબે કમાલ કરી નાંખી, બધાની વચ્ચે બિલકુલ શરમ રાખ્યા વિના એ પેલા ભાઈ પાસે પહોંચી ગયા,

**"મારા નિમિત્તે તમને કંઈપણ દુઃખ થયું હોય, તો હું ક્ષમા માંગું છું. તમે મને માફ કરશો ને ?"**

મહારાજ સાહેબ ! ત્યારે હું પણ હાજર હતો, મેં નજરો નજર આ પ્રસંગ જોયો છે. **પ્રમુખ સાહેબ પેલા ભાઈના પગમાં નમી ગયા. હાથથી એમના પગને સ્પર્શ કરવા જેટલા નીચે નમી પડ્યા.** હું તો ખૂબ આશ્ચર્ય પામ્યો. પ્રમુખ તો ઉંમર-સત્તા-શાણપણમાં ...બધી રીતે પેલા ભાઈ કરતાં ચડિયાતા ! પણ તો ય .. મેં સ્પષ્ટ જોયું, પ્રમુખ સાહેબના મુખ ઉપર સાચો ક્ષમાપના-ભાવ હતો, લેશ પણ કપટ-દેખાવ નહિ.

"હટ્ ! ગધેડીના પેટના... તું શું ક્ષમા માંગવા હાલી નીકળ્યો છે." આવા તિરસ્કાર ભરેલા શબ્દો સાથે એ ભાઈએ પ્રમુખને ધક્કો માર્યો. પ્રમુખ બે-ત્રણ ડગલાં દૂર ફંગોળાયા. અમે

બધા તો સ્તબ્ધ થઈ ગયા. એ ભાઈના મોઢા પરનો તિરસ્કાર ભાવ જોઈને હેબતાઈ જ ગયા.

પ્રમુખ ઉદાર ચહેરે, કશું બોલ્યા વિના ધીમી ચાલે સંઘની ઓફિસ તરફ ચાલતા થયા. અમને બધાને થયું કે "પ્રમુખ સાહેબને જાહેરમાં થયેલા આવા અપમાનથી સખત આઘાત લાગ્યો હશે, એમને આશ્વાસન આપવું જોઈએ..."

અમે થોડાક શ્રાવકો એમની પાછળ થોડીવાર બાદ ઓફિસમાં પહોંચ્યા, પ્રમુખ સાહેબ માથું નીચું ઢાળીને બેઠા હતા. જેવા અમે પહોંચ્યા કે તરત એમણે માથું ઉંચુ કર્યું, હા ! એમની આંખો ભીની હતી. અમારા એ વયોવૃદ્ધ-સત્તાધીશ-કડક પ્રમુખ રડતા હતા.

"તમે બહુ મન પર નહી લેતા. એ ભાઈનો સ્વભાવ જ એવો છે. અમે બધા એમને ઓળખીએ જ છીએ ને ? તમારો કોઈ જ દોષ નથી..." અમારામાંથી કોઈકે આશ્વાસનના શબ્દો ઉચ્ચાર્યા.

"તમે ખોટું સમજી બેઠા છો." પ્રમુખ સાહેબે એ વખતે જવાબ આપ્યો. "મારું અપમાન થયું, એનો મને વાંધો નથી. આટલા વર્ષોના અનુભવ બાદ એટલું તો પચાવી જ શકું છું. પણ મારી ભાવના હતી કે હું એ ભાઈના મનમાંથી વૈરની ગાંઠ ઓગાળી નાખીશ. મારા નિમિત્તે એમના કષાયો વધે, એ યોગ્ય તો નથી જ ને ? પણ હું નિષ્ફળ ગયો. એમના આવેશને હું દૂર ન કરી શક્યો. એમના આત્માને કેટલું નુકસાન થશે ?" અને ફરી એમનો અવાજ ગળગળો થઈ ગયો, એ આગળ બોલી ન શક્યા.

**"સાહેબજી ! આ છે અમારા પ્રમુખ સાહેબના હૈયાની**

**કોમળતા ! કોણ કરી શકે આવી ક્ષમાપના ? કોણ પોતાના અહંકારને ઓગાળી શકે ? કોણ પરલોકનો સાચો વિચાર કરી શકે ?''**

કલ્પસૂત્રમાં સૌથી છેલ્લે આપવામાં આવેલા એ શબ્દો દરેકે દરેક જૈનોએ પોતાના ઘરમાં જ્યાં સતત નજર પડે, ત્યાં લખાવી રાખવા જોઈએ. આ રહ્યા એ શબ્દો !

***जो खमइ तस्स अत्थि आराहणा ।***
***जो न खमइ तस्स नत्थि आराहणा ।***

તમે માસક્ષમણ કરો, સિદ્ધિતપ કરો, લાખો-કરોડો રૂપિયા દાનમાં ખર્ચી નાંખો... એટલા માત્રથી તમે પ્રભુના શાસનના સાચા આરાધક બની શકતા નથી જ.

પ્રભુ શાસનનો સાચો આરાધક એ જ છે કે ''જે તમામ જીવો સાથે હાર્દિક ક્ષમાપના કરે.'' જે આમાં ઉણો ઉતરે, એ જૈન જ નથી.

દક્ષિણ આફ્રિકાના વર્તમાન પ્રમુખ નેલ્સન મંડેલાને યુવાનીના ૨૭ વર્ષો સુધી જેલમાં પૂરી રાખવામાં આવ્યા હતા. સ્વતંત્રતા બાદ નેલ્સન મંડેલા પ્રમુખ બન્યા ત્યારે જેલના અધિકારીઓ વિગેરેને અપમાન કે સજા ન કરતા
સહુની વચ્ચે સન્માન કર્યું. કેવી મહાન ક્ષમા !!

પ્રભુની આજ્ઞા છે કે ઘરના નોકર કે ભંગી પર પણ ક્રોધ થયો હોય તેને આપણે ભાવપૂર્વક મિચ્છામિદુક્કડમ્ આપીએ નહિ, ખમાવીએ નહિ તો આપણું સંવત્સરી પ્રતિક્રમણ આત્માની

શુદ્ધિ કરી ન શકે. શક્ય હોય તો પર્યુષણ પૂર્વે જ એને છેવટે પ્રતિક્રમણ પૂર્વે મિચ્છામિદુક્કડમ્ ભાવપૂર્વક કરવા જોઈએ. સંવત્સરી પ્રતિક્રમણ બાદ આખા ગામને મિચ્છામિદુક્કડમ્ આપો તો પ્રતિક્રમણ શુદ્ધ થતું નથી, તે ખાસ ધ્યાનમાં રાખશો.

## ૨૭. ટેણીયાએ કરાવી સ્વદ્રવ્યથી પ્રતિષ્ઠા

પૂ.આ.ભ.શ્રી રાજશેખર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉજવાયેલ આગરા પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્યતા અને દિવ્યતા કેવી હતી, તેની એક મહાન ઘટના જાણકારી આપે છે. પ્રતિષ્ઠા પૂર્વે આગરા વાસીઓ દ્વારા ભગવાનની પ્રતિષ્ઠા કરાવવા માટે પડાપડી થઈ. ભગવાન બધા અપાઈ ગયા. સુશ્રાવક બબલુ ભાઈનો નાનો બાળક દેવાંશ સા.શ્રી પીયુષપૂર્ણાશ્રીજી પાસે પહોંચી ગયો અને વિનંતી કરી કે. કાંઈપણ કરો પણ એક ભગવાન તો મારે જોઈએ જ, બાળકની ભાવના ફળી. કુંથુનાથ ભગવાનનો લાભ મળ્યો. બાળકે પિતાશ્રીને કહી દીધું કે,**''પિતાજી ! મારા ભગવાનના પૈસા હું જ ભરીશ અને બાળકે ભેગા કરેલા રૂા. અઢી લાખ ભરીને સ્વદ્રવ્યથી પ્રતિષ્ઠા કરાવી.''**

## ૨૮. મનાઈ મનાઈ મનાઈ

**પાલીતાણા જૈન મંદિરોમાં જીન્સ, સ્કર્ટ પહેરી દર્શનનહીં થઈ શકે.** શીખોના સુવર્ણ મંદિરમાં પ્રવેશ મેળવવો હોય કે પછી અજમેરની ખ્વાજા પીર દરગાહમાં પ્રવેશ મેળવવો હોય તો તે-તે ટ્રસ્ટના વસ્ત્ર-પરિધાનના ચોક્કસ નિયમોનું અચૂક પાલન કરવું

ફરજીયાત હોય છે. તેમ વર્તમાનમાં પાલીતાણાનાં જૈન મંદિરોના દર્શને જતા યાત્રિકો માટે ખાસ વસ્ત્ર પરિધાન ફરજીયાત કરવાનો ટ્રસ્ટે નિર્ણય લીધો છે. દર્શન અને પૂજા માટે જતા યાત્રાળુઓ માટે આ નિયમ લાગુ પડી ચૂક્યો છે.

દર્શન કરવા જતા ઘણાં ભક્તો શત્રુંજય પર્વત ઉપર જીન્સ, સ્કર્ટ, શોર્ટ્સ, બરમુડા, ચડ્ડા જેવા કપડાં પહેરીને જાય છે. મંદિરોમાં ધાર્મિક મર્યાદા જળવાય એ જરૂરી છે. **દેવ દર્શન કરવા આવે છે કે પછી દેહ પ્રદર્શન કરવા ? વસ્ત્ર પ્રદર્શનની જાણે હરિફાઈ યોજાઈ હોય તેવું લાગે છે.** છેલ્લા વર્ષોમાં અનેક ભક્તોના પહેરવેશ ધાર્મિક લાગણી સાથે સુસંગત ન હોય તેવું લાગ્યું છે.

આથી ટ્રસ્ટ જ આવા યાત્રિકોને વિનામૂલ્યે પોષાક આપશે. પુરુષોને લેંઘો અને કફની તથા સ્ત્રીઓને સલવાર કમીઝ આપવામાં આવશે. શત્રુંજયના સગાલ પોઈન્ટ પર ચેઈન્જ રૂમ બનાવવામાં આવશે.અહીં જ મોબાઈલ ફોન પણ જમા કરાવી દેવા પડશે. આ માટે સ્વયં સેવકોને રોકી જવાબદારી સોંપાશે અને તેઓ ભક્તોનું ધ્યાન પણ દોરશે. સંસ્કૃતિ રક્ષા દ્વારા ધર્મરક્ષા થાય અને પ્રત્યેક યાત્રિકોને સાચી યાત્રા થાય, તેવો આવકારદાયક નિર્ણય લેવા માટે ટ્રસ્ટબોર્ડને લાખ-લાખ અભિનંદન...

જૈનો જાગજો ! આવા ઉત્તમ નિર્ણયને આવકારી તે જ પ્રમાણે વેશભૂષામાં ઉપયોગ રાખશો.

## ૨૯. સાધુનાં દર્શનં પુણ્યમ્

**આપણી હાજરી નહી ઈચ્છનાર, અનેકને શાંતિ મળશે.**

'સાહેબજી ! નીચેના માળે પધારશો ?'

'શાના માટે ?'

'મારી દીકરીને માંગલિક સંભળાવવા ?'

'શું થયું છે ?'

'કમળો થયેલો, રાત્રે વકર્યો અને કમળી થઈ. એના લીધે જ કોમામાં જતી રહી છે. બેભાન છે. ડૉકટર કહે છે કે 'બે-ચાર કલાક માંડ જીવે'...Please ! પધારશો ?' બોલતા બોલતા એ દીકરીના બાપનો સ્વર ભીનો બની ગયો.

મુંબઈની હોસ્પીટલમાં આઠેક મહિના પૂર્વે બનેલો આ પ્રસંગ ! એક વૃધ્ધ મહાત્માને હોસ્પીટલમાં દાખલ કરેલા, એમની સેવામાં જે યુવાન સાધુ રોકાયેલા, એમને પેલા ભાઈએ કરગરતા હોય, એમ વિનંતિ કરી.

મહાત્મા તો તરત જ નીચે ઉતર્યા, રૂમમાં ગયા. આખો પરિવાર હાજર ! જોયું તો છોકરીનું શરીર એકદમ પીળું પડી ગયેલું. ઉંમર હશે આશરે ૨૧ વર્ષ !

મહાત્મા વિચારમાં પડયા. 'આ બહેન તો કોમામાં છે, બેભાન છે. હું માંગલિક સંભળાવું, પણ એ ક્યાં સાંભળવાના છે ?'

'શું નામ છે તમારી દીકરીનું ?'

ભાઈ એ નામ કહ્યું.

'જરાક નામ થી એને બોલાવો ને ?'

''સાહેબજી ! એ તો સાત દિવસથી કોમામાં છે. એને

**આપણા દુ:ખોમાં આંસુ ન પાડનાર, ખૂબ આંસુ પાડી રહ્યા છે.**

નામથી બોલાવવાનો કોઈ અર્થ નથી.''

'છતાં એકવાર નામથી બોલાવો તો ખરા ?' મહાત્મા ના આગ્રહને કારણે પપ્પાએ દીકરીને નામથી બોલાવી.

અને આશ્ચર્ય સર્જાયું. દીકરીએ એક જ પળમાં આંખ ખોલી. જે કામ સાત દિવસની દવાઓથી માંડીને કોઈપણ ઉપાયથી ન થયું એ કામ ખાલી નામના ઉલ્લેખ માત્રથી થઈ ગયું. આખો પરિવાર આનંદના આંસુ વહાવવા લાગ્યો.

મહાત્માએ નવકાર-માંગલિક સંભળાવ્યું, છોકરીએ હાથ જોડી સાંભળ્યું. છેલ્લે મહાત્માએ ઓઘો ઉંચો કર્યો.

'આ રજોહરણ લઈને પછીજ જીવન પૂરું કરશોને ?'

૨૧ વર્ષની કન્યાએ ભયંકર બિમારી વચ્ચે, આંખો પટપટાવીને, જરાક માથું હલાવીને સંમત્તિ આપી અને મા-બાપની આંખમાંથી ચોધાર આંસુ સરી પડયા. એ જ પળે છોકરીએ છેલ્લા ડચકા ખાધા, પ્રાણ નીકળી ગયા. માત્ર છેલ્લી પાંચ-દસ મિનિટ માટે આંખ ખુલવી, સાધુના અને ઓઘાના દર્શન થવા, દિક્ષાની હાર્દિક સંમતિ આપવી..અને તરતજ પ્રાણ નીકળી જવા..આવું ઉત્તમ મરણ આપણને સૌને મળે એ જ પ્રભુને અંતરથી પ્રાર્થના !

**ક્યારેય હાર નહી પહેરાવનારા ક્રોધને ખૂબ કિંમતી સુંદર હાર પહેરાવશે.**

## આ પ્રસંગો પુસ્તક વિષે અભિપ્રાય

૧. **પ.પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા. :** આ પ્રસંગો પુસ્તક (વાંચ્યા પછી) અનુમોદના તથા સુષુપ્ત સત્ત્વને જાગ્રત કરે છે.. જીવનમાં કાંઈક પણ શુભ કાર્ય કરવાનો ઉત્તમ મનોરથ પેદા કરે છે. આજના જીવોને ઉત્તમ આલંબનની જરૂરત છે, તે માટે આ બુક બોધક, માર્ગદર્શક, સરળ, શોર્ટ અને સ્વીટ જેવી છે.

૨. **મુનિ સૌમ્યરત્નવિજયજી :** વ્યાખ્યાનમાં આ પ્રસંગો કહેવા જેવા શ્રેષ્ઠ છે. આ પુસ્તકને ખૂબ આકર્ષક બનાવો તેવી વિનંતી છે. તેથી ઘણા વાંચશે અને વાંચવાથી ઘણાને લાભ થશે. (૪ પાનાનું ટુંકાવીને)

૩. **ભદ્રેશભાઈ, ભૂતપૂર્વ પ્રમુખ : પાંચકુવા કાપડ મહાજન :** "બેંગલોરમાં ગયેલો. ઊંઘ ન આવતાં મિત્ર પાસે વાંચવા પુસ્તક માંગ્યું. ખૂબ સુંદર પુસ્તક છે એમ કહી મિત્રે જૈન આદર્શ પ્રસંગો વાંચવા આપ્યું. વાંચતા હૃદય પુલકિત બની ગયું. આપણા આત્માની ઉન્નતિ માટે આપણે કશું કરતાં નથી. પ્રસંગો વાંચી પ્રેરણા મળી. દિલમાં ભાવ જાગ્યા કે ધર્મ આરાધના માટે પણ આપણે સમય ફાળવવો ખૂબ જ જરૂરી છે."

૪. **રાજેન્દ્રભાઈ :** રાજગાર્ડન, અમદાવાદ : "પૂ. શ્રી ! આ પુસ્તક મારા સુશ્રાવિકાએ વાંચ્યું. ખૂબ ગમ્યું... વાંચી ઘણાં બધાનું કલ્યાણ થાય તે ભાવનાથી આ સુંદર પુસ્તકના પ્રચારમાં અમારે રૂ. ૫૦૦૦નો લાભ લેવો છે..."

૫. **શ્રી સુરેશભાઈ નાથાલાલ ફૂદેડાવાળા ગાંધીનગર :** પૂ.મ.સા. ની પ્રેરણા થવાથી જૈન આદર્શ પ્રસંગો બધા ભાગ વાંચ્યા. વાંચતા ભાવના થવાથી એક દિવસ પૂજા કરનારા બધાને ગુલાબના ફૂલથી પૂજા કરવા પ્રભાવના કરવાનો લાભ લીધો. ખૂબ આનંદ થયો. આ સંઘમાં વર્ષોથી કોઈ વિશેષ લાભ લેવાની ભાવના થઈ નહોતી. આ પ્રસંગો પુસ્તકો વાંચવાથી આ વિ.સં. ૨૦૭૦ની સાલમાં રથયાત્રા પછીના સંઘ સાધર્મિક વાત્સલ્યનો રૂ. ૧,૧૧,૦૦૦માં મોટો લાભ લેવાનો ભાવ જાગ્યો. અમારો પરિવાર પૂજ્યશ્રીનો સાદર ઋણી છે.

**આવા પ્રશંસાપૂર્ણ અન્ય અનેકોના પણ અભિપ્રાય આવ્યા છે.**

## આ પુસ્તક પર ઘરે બેઠા પરીક્ષા આપનારા ભાવિકોના હૃદયના સૂર

### (૧) સુરેશભાઈ, ગાંધીનગર

૨૧મી સદીમાં દુરાચારોનો રાફડો ફાટ્યો છે. આવા કપરા કાળમાં સાધુ સાધ્વી પેદલ વિચરી દુરાચારી પ્રજાને સદાચારી બનાવવા મથી રહ્યા છે. ઉત્તમ જીવોના પ્રસંગોનું આબેહૂબ વર્ણન આ પુસ્તકમાં સરળ ભાષામાં કરેલ છે, જે વાંચનારના હૃદયમાં સોંસરવું ઉતરી જાય તેવું છે ! રોજ જિનપૂજા, રજાના દિવસે સામાયિક શરૂ કર્યું. મહિનામાં ૧૦ તિથિ બ્રહ્મચર્યનું પાલન કરીશ. ઈતર કોમના માણસોને આ ચોપડી વંચાવતા તેઓ નવકાર ગણતા થયા છે. પુસ્તકની પ્રભાવના કરવાનું નક્કી કરેલ છે.

### (૨) જૈનં, નારાયણનગર રોડ, ઉ.૧૭ વર્ષ

હું મારા મિત્રના ઘરે ચેસ રમવા ગયેલો. ત્યાં આ પુસ્તકનો ભાગ-૨ વાંચ્યો. ગમી જતાં પ્રાપ્તિસ્થાન પર જઈ છ ભાગનું પુસ્તક પેપર સાથે લીધું. પેપર પાછુ આપવાના છેલ્લા ૩ દિવસ બાકી રહ્યા હતા. પ્રથમ દિવસે ૭ થી ૧૨ પાંચ કલાકમાં એક જ બેઠકે પુસ્તક પૂરુ કર્યું. ફરી વાંચતા લાગ્યું કે પુસ્તક માત્ર વાંચવા અને જવાબ શોધવા માટે જ નથી પણ જીવનમાં ઉતારવા માટે પણ છે. વાંચતા શ્રધ્ધા ખૂબ વધી. પુસ્તકનો વધુ પ્રચાર કરવા મારા મિત્રોને પણ બે પુસ્તક લાવી આપ્યા. પ્રસંગો વાંચ્યા પછી રોજ ૧૪ નિયમ લેવાની ભાવના છે.

### (૩) પંક્તિબેન, ગાંધીનગર, ઉ.૨૧ વર્ષ

મારા ઘરમાં હું સૌથી નાસ્તિક ગણાઉ છું. મને કયારેય દેરાસર, પૂજા, સામાયિક ગમતા નહોતા. પુસ્તક વાંચન બાદ દેરાસર દર્શન, પૂજા કરવાનું ભૂલતી નથી. વ્યાખ્યાનમાં સળંગ ૨-૩ સામાયિક કરતી થઈ છું. સાથે ચોમાસામાં ૨૦ દિવસનો તપ પણ કર્યો.

દીકરાને સંપત્તિનો કે સદગુણોનો, કયો વારસો આપવો છે ?